॥ ॐ सद्गुरु ॐ ॥

Satya Prem Karuna
॥ Om Sadguru Om ॥

॥ Shree Guru Geeta ॥



॥ ॐ सद्गुरु ॐ ॥

Satya Prem Karuna
|| Om Sadguru Om ||



॥ ॐ सद्गुरु ॐ ॥

Satya Prem Karuna
॥ Om Sadguru Om ॥

Prastavana

Guru Shabd nathi Bavan ma , ae chhuyo chhe Sant Charan ma , Sahu vedo ae trigun ma re ava Sadguru Shree Sagar na marmik shabdo sathe Sadguru shree Chandrakant amrutrav Pathak ke jemana charan ane sharan ma Guru tatva ne anubhavvano amane aek lhavo malyo teo aek Vadik brahman nu jivan jivata , bhakta raday ane Sufi vad ma manta hata , Saraswati na kinare , mox pimpale aemano aek nano Guru Asharm hato . anek loko aemana sampark ma aavya , shishyo ni patrata pramane darek ne Iswar parpti mate no marg batavata ne ahiya aek jivant Guru-Shishya parampara hati ne badha aemane gurumaharaj kaheta.

Teo Guru namsmaran ma hardam dubela raheta , Nitya , naimitik , paxik ane prati varshik utsavo ujavata ane Bhajan ma vyast rahi Bhojan karavata ne aekantik jivan jivata , Aemane loko chandu guru kaheta aek var ae mane kaheta ke loko mane Guru kahe cchhe pan vastvik rite mari pase avanar darek ma hu guru na darshan karu chhu. Teo nu jivan Samprna Shree Siddheshwar mahadev na sharne hatu , dev yoge je kaik ramji ni same drvya aavatu aema ae Santosh thi jivan jivata ane devo na utsavo ujavi ne Nijanand leta , Aek fakir Badshah ni jem jivan galta , Unala ma khub garmi lage , Shiyala ma thandi , chomasa ma Gharma varsad nu pani aave to pan chhapan kanavala patrana na makan ma sudharo vadharo ke koi bhatik Suvidha vadharva mate anumati aapata nahi , Aemana sharire Ghana Operation karavela , ankhe khub occhu dekhay , dam no rog thayelo aava anek saririk kasto vathata ane kaheta ke aa sharir no dharma cche ane aa sharir pan maru nathi.

Dainik nityakram ma raheta ne pase aavanar darek vyakti ne Asharo apata , santvana apata ne yad karavata ke manushya janma Ishwar prapti mate j malyo cchhe aevu varamvar draddhkaravani aa mrtulok ma Amaratnu pinu pivadavata.

Ahiya Gurumaharaj dattatrey na Aadesh thi 1946 ma Shree Guru charitra Saptah nu parayan chalu thayel , temane jivanbhar ae chalu rakhyu ane je Akand rite chalu cchhe aa varshe tenu 75 mu varsh ujavay cchhe tyare aemana shishya parivaro vividh jagyare ae Guru tatva ni Dhara ne anubhavi ne parayan kari rahya cchhe , kharekhar Shree Gurumaharaj Shishya rupe akhand krida kare chhe.

Ysya Samaran matren janma Sansar bandhanat , vimuchyate namastasiay Vishnave prabhu vishnave

Jemana Smaran matra thi Shishyo na Sarva bandho thi mukt thay cchhe teva Sadguru na Smaran ane Sharan prapt thay ne janmo janma draddh guru bhakti apave teva shub ashay thi Shree Guru Geeta no patha aapan sahu ne Swashe swashe Guru Smaran karave

He guru maharaj

“ komal namra shushil banavo , Apo prabhuji prem , prem vade prabhu gaiiye tamane aej amaru xem ,

Din Abudh Apatra ameto , Antar bhariye Prakash , Pase palepal vasiye prabhuji aek j ae Abhilash

Daya nidhi maniye varamvar

Dharmendra na om Sadguru om

Datt Jayanti – 2020

શ્રીગુરુગીતા પ્રારંભઃ

ૐ અસ્ય શ્રીગુરુગીતાસ્તોત્રમંત્રસ્ય ભગવાન્ સદાશિવ ઋષિઃ ।
નાનાવિધાનિ છંદાંસિ । શ્રીગુરુપરમાત્માદેવતા । હં બીજં ।
સઃ શક્તિઃ । ક્રોં કીલકં । શ્રીગુરુપ્રસાદસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ॥

ૐ શ્રીગુરુગીતા સ્તોત્રમંત્રના ઋષિ ભગવાન સદાશિવ છે. તેના અનેક છંદો છે. આ સ્તોત્રમંત્રના દેવતા શ્રીગુરુ પરમાત્મા છે. આ સ્તોત્રમંત્રનું બીજ 'હં' છે અને શક્તિ 'સ' છે. ક્રોં કીલક છે અને ગુરુપ્રસાદ પ્રાપ્ત્યર્થે તેનો જપ દ્વારા વિનિયોગ છે. દરેક સ્તોત્ર કે મંત્રનું ફળ આપનાર દેવતા હોય છે. જે ઋષિએ સૌપ્રથમ તે સ્તોત્ર કે મંત્રનું ફળ પ્રાપ્ત કર્યું હોય તે ઋષિ મંત્રના ઋષિ કહેવાય છે. સ્તોત્ર કે મંત્રને લયબદ્ધ રીતે કેવી રીતે ગાવું જોઈએ તે છંદ દર્શાવે છે. દરેક મંત્રનું એક બીજ હોય છે જેનાં અનેક આવર્તનોથી તે બીજ વૃક્ષમાં પરિણમી વૃક્ષ જેવું બની

ફળ આપવા સક્ષમ બને છે. મંત્રની શક્તિ એ જે તે બીજાક્ષરના આવર્તનોથી પ્રાપ્ત થાય છે. કીલક એટલે કે ખીલો. એ મંત્ર ચૈતન્યને છુપાવીને ગુપ્ત રાખે છે જે આવર્તનો દ્વારા મંત્ર ચૈતન્યને પ્રગટ કરે છે. એક જ મંત્ર વિવિધ કામના માટે જપી શકાય છે જે કામના કે ઈચ્છા હોય તેનો ઉચ્ચાર કરીને તે મંત્રનો વિનિયોગ કરવો.

(અથ કરન્યાસાઃ)

ૐ હંસાં સૂર્યાત્મને અંગુષ્ઠાભ્યાં નમઃ । ૐ હંસીં સોમાત્મને તર્જનીભ્યાં નમઃ । ૐ હંસૂં નિરંજનાત્મને મધ્યામાભ્યાં નમઃ । ૐ હંસૈં નિરાભાસાત્મને અનામિકાભ્યાં નમઃ । ૐ હંસૌં અતનુસૂક્ષ્માત્મને કનિષ્ઠિકાભ્યાં નમઃ । ૐ હંસઃ અવ્યક્તાત્મને કરતલકરપૃષ્ઠાભ્યાં નમઃ ।

હવે કરન્યાસ દ્વારા હાથના દરેક અંગને બીજાક્ષરથી પવિત્ર કરવાનો વિધિ.

ૐ હંસાં અને સૂર્યરૂપી આત્માને અંગૂઠા દ્વારા નમન. ૐ હંસીં અને ચંદ્રરૂપી આત્માને તર્જની દ્વારા નમન. ૐ હંસૂં અને નિરંજનરૂપી આત્માને વચલી આંગળી દ્વારા વંદન. ૐ હંસૈં અને નિરાભાસ (આભાસહીન) આત્માને અનામિકાથી વંદન. ૐ હંસૌં અને સૂક્ષ્મ શરીરવાળા આત્માને ટચલી આંગળી દ્વારા વંદન. ૐ હંસઃ આ બીજમંત્રનો ઉચ્ચાર કરીને અવ્યક્ત આત્માને હથેળીથી નમન.

(અથ હૃદયાદિન્યાસાઃ)

ૐ હંસાં સૂર્યાત્મને હૃદયાય નમઃ । ૐ હંસીં સોમાત્મને શિરસે સ્વાહા । ૐ હંસૂં નિરંજનાત્મે શિખાયૈ વષટ્ । ૐ હંસૈં નિરાભાસાત્મને કવચાય હૂં । ૐ હંસૌં અતનુસૂક્ષ્માત્મને નેત્રત્રયાય વૌષટ્ । ૐ હંસઃ અવ્યક્તાત્મનેન અસ્ત્રાય ફટ્ । ૐ બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વરોમિતિ દિગ્બન્ધઃ ।

હવે હૃદયાદિ અવયવોનો ન્યાસ કરવાની વિધિ.

ૐ હંસાં બીજમંત્રનો ઉચ્ચાર કરી સૂર્યરૂપી આત્માને હૃદય દ્વારા વંદન. ૐ હંસીંનો ઉચ્ચાર કરી ચંદ્રસ્વરૂપી આત્માને મસ્તક દ્વારા વંદન. ૐ હંસૂ નિરંજન આત્માને શિખા દ્વારા વંદન. ૐ હંસૈં નિરાભાસ આત્મા મારું કવચ થાય. ૐ હંસૌંના ઉચ્ચાર દ્વારા સૂક્ષ્મ આત્મસ્વરૂપને ત્રણે નેત્રો દ્વારા વંદન. ૐ હંસઃનો ઉચ્ચાર કરી અવ્યક્ત આત્માની શક્તિથી અસ્ત્રરૂપ થઈ વિઘ્નોનો નાશ થાઓ. ૐ બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વરોમ્ બોલીને રક્ષણ માટે દશે દિશાઓ બંધ થાવ.

અથ ધ્યાનમ્

હંસાભ્યાં પરિવૃત્તપત્રકમલૈર્દિવ્યૈર્જગત્કારણૈર્વિશ્વોત્કીર્ણમનેક દેહનિલયૈઃ સ્વચ્છન્દમાત્મેચ્છયા ।
તદ્યોતં પદશાંભવં તુચરણં દીપાંકુર ગ્રાહિણં, પ્રત્યક્ષાક્ષરવિગ્રહં ગુરુપદં ધ્યાયેદ્વિભું શાશ્વતમ્ ॥

મમ ચતુર્વિધ પુરુષાર્થ સિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ (૧)

અથ ધ્યાનમ્

આ દશ્યમાન સચરાચર જગતના કારણસ્વરૂપ હંસ એટલે કે અહમ્ અને સઃ (હું અને તે) એ બે દિવ્ય કમળનાં બે પત્રોથી વિશ્વ રચવા જેણે સ્વેચ્છાએ પોતે અનેક શરીરોમાં સ્વચ્છંદ (નાનાવિધ) રૂપો ધારણ કર્યા છે ને સતત એમાં વાસ કરતા રહે છે તે સ્વયં પ્રકાશિત ચરણકમલાકર દીપજ્યોતિની અંગુષ્ઠપ્રમાણ શિખા જેવા, નિરંજન, સાક્ષાત્ અક્ષર શરીર, શબ્દાતીત હોવા છતાં અ થી ક્ષ સુધીની સમસ્ત વર્ણમૂર્તિ, નામરહિત હોવા છતાં નામ સર્વસ્વ, વ્યાપક, વિભુ-નિત્ય-આનંદસ્વરૂપ, સ્વયં સર્વથા મુક્ત આનંદૈકરસ ગુરુદેવનું ધ્યાન ધરવું ઘટે. મારા ચતુર્વિધ (ધર્મ, અર્થ, કામ, મોક્ષ) પુરુષાર્થની સિદ્ધિ માટે હું શ્રીગુરુગીતાનું અનુષ્ઠાન (પાઠ, જપ) કરું છું.

સૂત ઉવાચઃ

કૈલાસશિખરે રમ્યે ભક્તિસંધાનનાયકમ્ ।
પ્રણમ્ય પાર્વતી ભક્ત્યા શંકરં પર્યપૃચ્છત ॥ ૧ ॥

સૂતમુનિ કહે છે કે પ્રાચીન સમયમાં રમ્ય કૈલાસ શિખર ઉપર ભક્તિ પ્રગટાવનાર શ્રેષ્ઠ નાયકને (શંકર ભગવાનને) પાર્વતીમાતાએ ભક્તિપૂર્વક વંદન કરી પ્રશ્ન પૂછ્યો. (૧)

શ્રીદેવ્યુવાચઃ

ૐ નમો દેવદેવેશ પરાત્પર જગદ્ગુરો ।
સદાશિવ મહાદેવ ગુરુદીક્ષાં પ્રદેહિ મે ॥ ૨ ॥

પાર્વતીમાતાએ કહ્યું કે ૐકારરૂપ દેવોના દેવ, શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ જગત્ગુરુ સદાશિવ મહાદેવ! મને આપ ગુરુદીક્ષા પ્રદાન કરો. (૨)

કેન માર્ગેણ ભો સ્વામિન્ દેહી બ્રહ્મમયો ભવેત્ ।
ત્વં કૃપા કુરુમે સ્વામિન્ નમામિ ચરણં તવ ॥ ૩ ॥

હે સ્વામી! કયા માર્ગથી જીવ દેહમાં હોવા છતાં બ્રહ્મ થાય છે? તેવી કૃપા મારા ઉપર કરો. એમ કહીને દેવીએ શંકરને વંદન કર્યા. (૩)

ઈશ્વર ઉવાચઃ

મમરુપાસિ દેવિ ત્વં ત્વત્પ્રીત્યર્થં વદામ્યાહમ્ ।
લોકોપકારકઃ પ્રશ્નો ન કેનાપિ કૃતઃ પુરા ॥ ૪ ॥

શંકર ભગવાન કહે છે કે હે પાર્વતીદેવી! તમે મારું બીજુ સ્વરૂપ હોવાથી તમે પૂછેલા પ્રશ્નનો જવાબ હું આપું છું. આવો લોકો માટે કલ્યાણકારક પ્રશ્ન અત્યાર સુધી કોઈએ પણ મને પૂછ્યો નથી. (૪)

દુર્લભં ત્રિષુ લોકેષુ તચ્છૃણુષ્વ વદામ્યહમ્ ।
ગુરું વિના બ્રહ્મ નાન્યત્ સત્યં સત્યં વરાનને ॥ ૫ ॥

ત્રણે લોકમાં (સ્વર્ગ, પૃથ્વી, પાતાળમાં) દુર્લભ એવું જ્ઞાન હું તને સંભળાવું છું. ગુરુ વિના બીજું કોઈ બ્રહ્મ નથી એ સત્ય છે, સત્ય છે. (૫)

વેદશાસ્ત્રપુરાણાનિ ઈતિહાસાદિકાનિ ચ ।
મંત્રયંત્રાદિવિદ્યાશ્ચ સ્મૃતિરુચ્ચાટનાદિકમ્ ॥ ૬ ॥
શૈવશાક્તાગમાદિનિ અન્યાનિ વિવિધાનિ ચ ।
અપભ્રંશકરાણીહ જીવાનાં ભ્રાંતચેતસામ્ ॥ ૭ ॥

જ્ઞાનપ્રાપ્તિના સાધનોમાં વેદશાસ્ત્રો, પુરાણશાસ્ત્રો, ઈતિહાસ, મંત્ર, યંત્ર આદિ વિદ્યાઓ, વિવિધ સ્મૃતિઓ તેમજ ઉચ્ચાટનાદિ ક્રિયાઓ તેમજ શૈવ, શાક્ત અને આગમોની વિધિઓ ભ્રાંત

ચિત્તવાળા બધા જીવોને પરેશાન કરનારી છે. (૬-૭)

યજ્ઞો વ્રતં તપોદાનં જપસ્તીર્થં તથૈવ ચ ।
ગુરુતત્ત્વમવિજ્ઞાય મૂઢાસ્તે ચરતે જનાઃ ॥ ૮ ॥

યજ્ઞ, તપ, દાન, જપ, તીર્થયાત્રા વગેરે જે લોકો આચરે છે, પરંતુ, ગુરુતત્ત્વને જે જાણતા નથી તેઓની ઉક્ત બધી જ ક્રિયાઓ નિષ્ફળ જાય છે. (૮)

ગુરુબુદ્ધ્યાત્મનો નાન્યત્ સત્યં સત્યં ન સંશયઃ ।
તલ્લાભાર્થં પ્રયત્નસ્તુ કર્તવ્યો હિ મનીષિભિઃ ॥ ૯ ॥

જ્ઞાનસ્વરૂપ આત્માથી ગુરુ ભિન્ન નથી. એ સત્ય જ છે. સાચું જ છે. એમાં શંકા નથી, એ કારણે ગુરુની પ્રાપ્તિ માટે બુદ્ધિશાળી મનુષ્યોએ પ્રયત્ન કરવો જોઈએ. (૯)

ગૂઢવિદ્યા જગન્માયા દેહે ચાજ્ઞાનસંભવા ।
ઉદયઃ સ્વપ્રકાશેન ગુરુ શબ્દેન કથ્યતે ॥ ૧૦ ॥

આ ગૂઢવિદ્યા જગતમાં માયારૂપે તથા શરીરમાં અજ્ઞાનરૂપે રહેલી છે જે પ્રકાશિત થવાથી સત્યજ્ઞાનનો ઉદય થાય છે. તે તત્ત્વને ગુરુસંજ્ઞા તરીકે જાણવામાં આવે છે. (૧૦)

સર્વ પાપ વિશુદ્ધાત્મા શ્રીગુરોઃપાદસેવનાત્ ।
દેહિ બ્રહ્મ ભવેદ્યસ્માત્ તત્કૃપાર્થં વદામિ તે ॥ ૧૧ ॥

શ્રીગુરુનાં ચરણોની સેવાથી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઈ વિશુદ્ધાત્મા બને છે જેનાથી દેહધારી જીવ બ્રહ્મરૂપ બની જાય છે. તારા ઉપર કૃપા કરવા માટે ગુરુતત્ત્વ વિશે તને હું કહું છું. (૧૧)

ગુરુપાદાંબુજં સ્મૃત્વા જલં શિરસિ ધારયેત્ ।
સર્વતીર્થાવગાહસ્ય સંપ્રાપ્નોતિ ફલં નરઃ ॥ ૧૨ ॥

શ્રીગુરુનાં ચરણકમળોનું સ્મરણ કરી શિર પર જળપ્રોક્ષણ (છંટકાવ) કરવાથી મનુષ્યને સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ મળે છે. (૧૨)

શોષણં પાપપંકસ્ય દીપનં જ્ઞાનતેજસામ્ ।
ગુરુપાદોદકં સમ્યક્ સંસારાર્ણવતારકમ્ ॥ ૧૩ ॥

શ્રીગુરુનાં ચરણજળ (તીર્થ) પાપરૂપી કીચડને સૂકવનારું, જ્ઞાનરૂપી તેજને ઉજ્જવળ કરનારું અને સંસારસાગરને પાર કરનારું છે. (૧૩)

અજ્ઞાનમૂલહરણં જન્મકર્મનિવારણં ।
જ્ઞાનવૈરાગ્યસિદ્ધ્યર્થં ગુરુપાદોદકં પિબેત્ ॥ ૧૪ ॥

અજ્ઞાનને નિર્મૂળ કરનારા, જન્મ અને કર્મથી મુક્ત કરનારા શ્રીગુરુચરણજળનું જ્ઞાન અને વૈરાગ્યની પ્રાપ્તિ અર્થે આચમન કરવું જોઈએ. (૧૪)

ગુરોઃ પાદોદકં પીત્વા ગુરોરુચ્છિષ્ટભોજનમ્ ।
ગુરુમૂર્તે સદા ધ્યાનં ગુરુમંત્રં સદા જપેત્ ॥ ૧૫ ॥

શ્રીગુરુચરણામૃત પીને શ્રીગુરુએ આરોગેલા ભોજનનો શેષ પ્રસાદ લઈને શ્રીગુરુની મૂર્તિનું નિરંતર ધ્યાન કરવું અને શ્રીગુરુએ આપેલા મંત્રનો નિરંતર જાપ કરવો. (૧૫)

કાશીક્ષેત્રં તન્નિવાસો જાહ્નવી ચરણોદકમ્ ।
ગુરુર્વિશ્વેશ્વરઃ સાક્ષાત્ તારકં બ્રહ્મ નિશ્ચિતમ્ ॥ ૧૬ ॥

શ્રીગુરુનું નિવાસસ્થાન એ જ કાશીક્ષેત્ર છે. શ્રીગુરુનું ચરણામૃત તે જ ગંગા છે, શ્રીગુરુ જ સાક્ષાત્ વિશ્વેશ્વર છે અને શ્રીગુરુ જ તારક અને સાક્ષાત્ બ્રહ્મ છે. (૧૬)

ગુરોઃ પાદોદકં યત્તુ ગયાઽસૌ સોઽક્ષયોવટઃ ।
તીર્થરાજઃ પ્રયાગશ્ચ ગુરુમૂર્તે નમો નમઃ ॥ ૧૭ ॥

શ્રીગુરુચરણામૃત તે જ ગયાતીર્થ છે. તે જ અક્ષયવટ છે. તે જ તીર્થરાજ પ્રયાગ છે એવી ગુરુમૂર્તિને વારંવાર નમસ્કાર. (૧૭)

ગુરુમૂર્તિં સ્મરેન્નિત્યં ગુરુનામ સદા જપેત્ ।
ગુરોરાજ્ઞાં પ્રકુર્વીત ગુરોરન્યન્ન ભાવયેત્ ॥ ૧૮ ॥

શ્રીગુરુમૂર્તિનું નિત્ય સ્મરણ કરવું, ગુરુનામનો સદા જપ કરવો. ગુરુઆજ્ઞાનું પાલન કરવું. શ્રીગુરુ સિવાય બીજું કશું છે જ નહીં એવી દઢ ભાવના રાખવી. (૧૮)

ગુરુવક્ત્રસ્થિતં બ્રહ્મ પ્રાપ્યતે તત્પ્રસાદતઃ ।
ગુરોર્ધ્યાનં સદા કુર્યાત્ કુલસ્ત્રી સ્વપતેર્યથા ॥ ૧૯ ॥

શ્રીગુરુની કૃપાથી જ શ્રીગુરુના મુખકમળમાં સ્થિત બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. કોઈ કુલીન સ્ત્રી જેમ પોતાના પતિનું સતત ધ્યાન કરે છે તેમ શ્રીગુરુનું ધ્યાન કરવું જોઈએ. (૧૯)

સ્વાશ્રમં ચ સ્વજાતિં ચ સ્વકીર્તિપુષ્ટિવર્ધનમ્ ।
એતત્સર્વં પરિત્યજ્ય ગુરોરન્યન્ન ભાવયેત્ ॥ ૨૦ ॥

પોતાનો આશ્રમ (મોટો છે એમ ન માનતા) (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યસ્તાશ્રમ), પોતાની જાતિ, પોતાની કીર્તિ અને ઉત્તરોત્તર ઉન્નતિ- એ બધાનો ત્યાગ કરી શ્રીગુરુ સિવાય કશાની પણ અપેક્ષા ન રાખવી. (૨૦)

અનન્યાશ્ચિન્તયન્તો માં સુલભં પરમં પદમ્ ।
તસ્માત્સર્વપ્રયત્નેન ગુરોરારાધનં કુરુ ॥ ૨૧ ॥

જે અનન્ય ભાવથી મારું (શિવરૂપી ગુરુનું) ધ્યાન કરે, સતત ચિંતન કરે તેને પરમ પદ સુલભ છે. આથી શ્રેષ્ઠ પ્રયત્નો કરી શ્રીગુરુની આરાધના કરો. (૨૧)

ત્રૈલોક્યે સ્ફુટવક્તારો દેવાદ્યસુરપન્નગાઃ ।
ગુરુવક્ત્રસ્થિતા વિદ્યા ગુરુભક્ત્યા તુ લભ્યતે ॥ ૨૨ ॥

ત્રણે લોકમાં દેવો, અસુરો, નાગ, પન્નગોએ સ્પષ્ટ કરી બતાવ્યું છે કે શ્રીગુરુમુખમાં રહેલી વિદ્યા ગુરુભક્તિથી જ પ્રાપ્ત થાય છે. (૨૨)

ગુકારસ્ત્વન્ધકારશ્ચ રુકારસ્તેજ ઉચ્યતે ।
અજ્ઞાનગ્રાસકં બ્રહ્મ ગુરુરેવ ન સંશયઃ ॥ ૨૩ ॥

ગુ-કાર એટલે અંધકાર અને રુ-કાર એટલે જ તેજ એમ કહેવાય છે. ગુરુ જ અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરનાર તેજરૂપી બ્રહ્મ છે, એમાં કોઈ શંકા નથી. (૨૩)

ગુકારઃ પ્રથમો વર્ણો માયાદિગુણભાસકઃ ।
રુકારો દ્વિતીયો બ્રહ્મ માયાભ્રાંતિ વિનાશનમ્ ॥ ૨૪ ॥

ગુરુ શબ્દનો પ્રથમ વર્ણ 'ગુ' તે માયાદિ ગુણોનો પથપ્રદર્શક છે જ્યારે બીજો વર્ણ 'રુ' એ માયાભ્રાંતિનો નાશ કરનાર બ્રહ્મનો નિદર્શક છે. (૨૪)

એવં ગુરુપદં શ્રેષ્ઠં દેવાનામપિ દુર્લભમ્ ।
હાહાહૂહૂ ગણૈશ્ચૈવ ગન્ધર્વૈશ્ચ પ્રપૂજ્યતે ॥ ૨૫ ॥

આ પ્રમાણે ગુરુપદ શ્રેષ્ઠ છે. દેવોને પણ દુર્લભ છે. હાહા-હૂહૂ નામના ગણો દ્વારા તેમજ ગંધર્વો દ્વારા એ જ પૂજાય છે. (૨૫)

ધ્રુવં તેષાં ચ સર્વેષાં નાસ્તિ તત્ત્વં ગુરોઃ પરમ્ ।
આસનં શયનં વસ્ત્રં ભૂષણં વાહનાદિકમ્ ॥ ૨૬ ॥

સાધકેન પ્રદાતવ્યં ગુરુસંતોષકારકમ્ ।
ગુરોરારાધનં કાર્યં સ્વજીવિત્વં નિવેદયેત્ ॥ ૨૭ ॥

સૌની એવી પ્રતીતિ છે કે ગુરુથી શ્રેષ્ઠ એવું બીજું કોઈ તત્ત્વ નથી. સાધકે શ્રીગુરુને આસન, શયન, વસ્ત્રાભૂષણ, વાહન ઈત્યાદિ સમર્પણ કરવાં જોઈએ જેનાથી શ્રીગુરુ સંતોષ પામે. (નહીં કે ગુરુ પાસે આ વસ્તુઓની કમી છે.) એટલું જ નહીં, પણ પોતાના જીવનનું પણ સમર્પણ કરવું જોઈએ. (૨૬-૨૭)

કર્મણા મનસા વાચા નિત્યમારાધયેત્ ગુરુમ્ ।
દીર્ઘદણ્ડં નમસ્કૃત્ય નિર્લજ્જો ગુરુસન્નિધૌ ॥ ૨૮ ॥

મન, વચન અને કર્મથી સદા શ્રીગુરુની આરાધના કરવી જોઈએ અને શરમનો ત્યાગ કરી શ્રીગુરુને દીર્ઘ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા જોઈએ. (૨૮)

શરીરમિન્દ્રિયં પ્રાણં સદ્ગુરુભ્યો નિવેદયેત્ ।
આત્મદારાદિકં સર્વં સદ્ગુરુભ્યો નિવેદયેત્ ॥ ૨૯ ॥

દરેક શિષ્યે પોતાનું શરીર, ઈન્દ્રિયો, પ્રાણ સદ્ગુરુને સમર્પિત કરવા જોઈએ. એટલું જ શું? પરંતુ, પોતે અને પોતાની પત્ની પણ શ્રીગુરુને સમર્પિત કરવી જોઈએ. (૨૯)

કૃમિકીટભસ્મવિષ્ઠાદુર્ગન્ધિમલમૂત્રકમ્ ।
શ્લેષ્મરક્તં ત્વચા માંસં વંચયેન્ન વરાનને ॥ ૩૦ ॥

હે સુંદર મુખવાળી (પાર્વતી)! આ શરીર કૃમિ, જંતુઓ, ભસ્મ વિષ્ટા મળ-મૂત્ર, શ્લેષ્મ (ગળફા), રક્ત, ત્વચા અને માંસાદિથી ભરેલું હોઈ તેમાં આસક્તિ રાખવી જોઈએ નહીં. (૩૦)

સંસારવૃક્ષમારુઢાઃ પતન્તો નરકાર્ણવે ।
યેન ચૈવોદ્ધૃતાઃ સર્વે તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૧ ॥

સંસારરૂપી વૃક્ષ પર આરૂઢ થઈને નરકરૂપી સાગરમાં પતન પામતા સહુ જીવોનો જે ઉદ્ધાર કરે છે તેવા શ્રીગુરુને નમસ્કાર. (૩૧)

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુરેવ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૨ ॥

ગુરુ એ જ બ્રહ્મા છે, ગુરુ એ જ વિષ્ણુ છે, ગુરુ એ જ મહાદેવ છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. તેવા શ્રીગુરુને મારા નમસ્કાર. (૩૨)

હેતવે જગતામેવ સંસારાર્ણવસેતવે ।
પ્રભવે સર્વ વિદ્યાનાં શંભવે ગુરવે નમઃ ॥ ૩૩ ॥

જે જગતની ઉત્પત્તિના કારણરૂપ છે, સંસારસાગર પાર કરાવનાર સેતુરૂપ છે, સર્વ વિદ્યાઓનું ઉદ્ભવસ્થાન છે. તેવા શિવસ્વરૂપ, કલ્યાણકારી શ્રીગુરુને નમસ્કાર. (૩૩)

અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૪ ॥

અજ્ઞાનના અંધકારથી અંધ બનેલાઓના નેત્રોને જે જ્ઞાનની અંજનશલાકાથી ખોલે છે, તેવા શ્રીગુરુને નમસ્કાર. (૩૪)

ત્વં પિતા ત્વં ચ મે માતા ત્વં બંધુસ્ત્વં ચ દેવતા ।
સંસારપ્રતિબોધાર્થં તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૫ ॥

હે સદ્ગુરુ! તું જ પિતા છે, તું જ માતા છે, તું જ બંધુ છે તેમજ તું જ ઈષ્ટદેવતા છે. સંસારના સાચા જ્ઞાનનો અનુભવ કરાવનાર શ્રીગુરુને નમસ્કાર. (૩૫)

યત્સત્યેન જગત્સત્યં યત્પ્રકાશેન ભાતિ તત્ ।
યદાનંદેન નંદંતિ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૬ ॥

જેના અસ્તિત્ત્વથી જ જગતનું અસ્તિત્ત્વ છે, જેના પ્રકાશે પ્રકાશિત છે, જેના આનંદથી બધું આનંદિત બને છે, તેવા સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીગુરુને નમસ્કાર. (૩૬)

યસ્ય સ્થિત્યા સત્યમિદં યદ્ભાતિ ભાનુરૂપતઃ ।
પ્રિયં પુત્રાદિ યત્પ્રીત્યા તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૭ ॥

જેની સ્થિતિથી આ જગત સત્ય છે, જેના સૂર્યરૂપથી આ જગત પ્રકાશિત છે, જેની પ્રીતિના કારણે તે પુત્રાદિ પણ પ્રિય છે, તેવા શ્રીગુરુને નમસ્કાર. (૩૭)

યેન ચેતયતે હીદં ચિત્તં ચેતયતે ન યમ્ ।
જાગ્રત્સ્વપ્નસુષુપ્ત્યાદિ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૮ ॥

જેના વડે આ જગત ચેતનરૂપ બને છે છતાં ચિત્ત જેને પ્રકાશિત નથી કરી શકતું; જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ વગેરે અવસ્થાઓ જેના દ્વારા પ્રકાશિત થાય છે તે ચૈતન્ય સ્વરૂપ શ્રીગુરુને નમસ્કાર. (૩૮)

યસ્ય જ્ઞાનાદિદં વિશ્વં ન દશ્યં ભિન્નભેદતઃ ।
સદેકરૂપરૂપાય તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૩૯ ॥

જેને જાણવાથી આ વિશ્વ શિવથી ભિન્ન નથી લાગતું, એકમાત્ર સદ્ગુરુ જ જેનું રૂપ છે, તેવા શ્રીગુરુને નમસ્કાર. (૩૯)

*'યસ્યામતં તસ્ય મતં મતં યસ્ય ન વેદ સઃ' ।
અનન્યભાવભાવાય તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૪૦ ॥

(* કેનોપનિષદનું વચન.) જે કહે છે કે પોતે બ્રહ્મને જાણતો નથી, તે સાચા અર્થમાં બ્રહ્મને જાણતો હોય છે. અને જે કહે છે કે પાતે બ્રહ્મને જાણે છે, તે સાચા અર્થમાં બ્રહ્મને જાણતો નથી. જે બ્રહ્મથી અભેદ ભાવપૂર્ણ છે તેવા શ્રીગુરુને નમસ્કાર. (૪૦)

યસ્ય કારણરૂપસ્ય કાર્યરૂપેણ ભાતિ યત્ ।
કાર્યકારણરૂપાય તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૪૧ ॥

જે કારણરૂપ હોવા છતાં કાર્યરૂપે દેખાય છે તેવા કાર્યકારણરૂપે રહેલા શ્રીગુરુને નમસ્કાર. (૪૧)

નાનારૂપમિદં સર્વં ન કેનાપ્યસ્તિ ભિન્નતા ।
કાર્યકારણતા ચૈવ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૪૨ ॥

આ સંસાર અનેક રૂપવાળો વૈવિધ્યસભર હોવા છતાં એકબીજાથી ભિન્ન લાગતો નથી. જેઓ કાર્ય અને કારણરૂપે રહેલા છે તેવા શ્રીગુરુને નમસ્કાર. (૪૨)

યદંઘ્રિકમલદ્વન્દ્વં દ્વંદ્વતાપનિવારકમ્ ।
તારકં સર્વદાઽઽપદ્ભ્યઃ શ્રીગુરું પ્રણમામ્યહમ્ ॥ ૪૩ ॥

જેમના બે ચરણકમળ દ્વંદ્વથી ઉત્પન્ન થયેલા તાપનો નાશ કરે છે તેવા શ્રીગુરુને હું પ્રણામ કરું છું. (૪૩)

શિવે ક્રુદ્ધે ગુરુસ્ત્રાતા ગુરૌ ક્રુદ્ધે શિવો ન હિ ।
તસ્માત્સર્વપ્રયત્નેન શ્રીગુરું શરણં વ્રજેત્ ॥ ૪૪ ॥

જો શંકર ભગવાન પણ ક્રોધે ભરાય તો રક્ષણ કરવા ગુરુ સમર્થ છે. પરંતુ જો ગુરુ ક્રોધાયમાન થાય તો સ્વયં શંકર પણ રક્ષણ કરવા સમર્થ નથી. આથી બધા જ પ્રકારના પ્રયત્નોથી શ્રીગુરુના શરણે જવું. (૪૪)

વન્દે ગુરુપદદ્વંદ્વં વાઙ્મનશ્ચિત્તગોચરમ્ ।
શ્વેતરક્તપ્રભાભિન્નં શિવશક્ત્યાત્મકં પરમ્ ॥ ૪૫ ॥

મન અને વાણી તેમજ ચિત્તથી જોઈ અથવા અનુભવી ન શકાય, શ્વેત અને લાલ રંગથી ભિન્ન, શિવશક્તિ સ્વરૂપવાળા ગુરુના બે ચરણોને વંદન કરું છું. (૪૫)

ગુકારં ચ ગુણાતીતં રુકારં રૂપવર્જિતં ।
ગુણાતીસ્વરૂપં ચ યો દદ્યાત્ સ ગુરુઃ સ્મૃતઃ ॥ ૪૬ ॥

ગુરુ શબ્દનો 'ગુ'કાર ગુણાતીત અર્થ સૂચવે છે. 'રુ'કાર શબ્દ રૂપવર્જિત અર્થનું સૂચન કરે છે. ગુણાતીત અને અરૂપ (બ્રહ્મ)ને જે પ્રાપ્ત કરાવી આપે છે તેમને ગુરુ કહેવામાં આવે છે. (૪૬)

અ-ત્રિનેત્રઃ સર્વસાક્ષિ અ-ચતુર્બાહુરચ્યુતઃ ।
અ-ચતુર્વદનોબ્રહ્મા શ્રીગુરુઃ કથિતઃ પ્રિયે ॥ ૪૭ ॥

હે પ્રિયે (પાર્વતી)! એવું સંબોધીને શંકર ભગવાન કહે છે કે શ્રીગુરુ એ ત્રિનેત્રવિહીન (બે આંખવાળા) સાક્ષાત્ શિવસ્વરૂપ છે. ચાર હાથવાળા ન હોવા છતાં બે હાથવાળા વિષ્ણુ સ્વરૂપ છે અને તેમને ચાર મુખ ન હોવા છતાં બ્રહ્માજી છે. (૪૭)

અયં મયાંજલિર્બદ્ધો દયાસાગરવૃદ્ધયે ।
યદનુગ્રહતો જન્તુશ્ચિત્રસંસારમુક્તિભાક્ ॥ ૪૮ ॥

જેમની કૃપાથી જીવ આ વિચિત્ર સંસારમાંથી મુક્તિ પામે છે તેવા શ્રીગુરુની કૃપાની પ્રાપ્તિ માટે મેં બે હાથ જોડેલા છે. (૪૮)

શ્રીગુરોઃ પરમં રૂપં વિવેકચક્ષુષોऽમૃતમ્ ।
મન્દભાગ્યા ન પશ્યન્તિ અંધા સૂર્યોદયં યથા ॥ ૪૯ ॥

જે રીતે અંધ મનુષ્ય સૂર્યોદયને જોઈ શકતા નથી તેમ મંદભાગ્યવાળા લોકો શ્રીગુરુના પરમ રૂપને વિવેકબુદ્ધિ રૂપી આંખ વગર જોઈ શકતા નથી. (૪૯)

શ્રીનાથચરણદ્વંદ્વં યસ્યાં દિશિ વિરાજતે ।
તસ્યૈ દિશે નમસ્કુર્યાદ્ ભક્ત્યા પ્રતિદિનં પ્રિયે ॥ ૫૦ ॥

હે પ્રિયે! શ્રીગુરુના ચરણ જે દિશામાં રહેલા હોય તે દિશામાં ખૂબ ભક્તિપૂર્વક પ્રતિદિન નમસ્કાર કરવા જોઈએ. (૫૦)

તસ્યૈ દિશે સતતમઞ્જલિરેષ આર્યે પ્રક્ષિપ્યતે મુખરિતો મધુપૈર્બુધૈશ્ચ ।
જાગર્તિ યત્ર ભગવાન્ ગુરુચક્રવર્તી વિશ્વોદયપ્રલયનાટકનિત્યસાક્ષી ॥ ૫૧ ॥

જ્યાં વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપી નાટકના નિત્ય સાક્ષી એવા ચક્રવર્તી ગુરુ ભગવાન રહે છે તે દિશામાં તાજાં ખીલેલાં સુંદર સુગંધી ફૂલોની અંજલિ હંમેશાં આપવી જોઈએ. (૫૧)

શ્રીનાથાદિં ગુરુત્રયં ગણપતિં પીઠત્રયં ભૈરવં
સિદ્ધૌઘં બટુકત્રયં પદયુગં દૂતીત્રયં શાંભવમ્ ।
વીરેશાષ્ટ ચતુષ્કષષ્ટિનવક વીરાવલી પંચકં
શ્રીમન્માલિનિમંત્રરાજસહિતં વન્દે ગુરોર્મણ્ડલમ્ ॥ ૫૨ ॥

શ્રીગુરુદેવ, પરમ ગુરુદેવ અને પરાત્પર ગુરુદેવરૂપ શ્રીનાથાદિ એ ત્રણ ગુરુદેવ; ગણપતિ, કામરૂપ અને પૂર્ણગિરિ એ ત્રણ પીઠ; મન્થાન આદિ આઠ ભૈરવ; સિદ્ધોનો સમુદાય; વિરંચીચક્ર, સ્કંદ આદિ ત્રણ બટુક; પ્રકાશ અને વિમર્શ (શિવ અને શક્તિ) એ બે ચરણ; યોનિ-અંબા આદિ દૂતી; અગ્નિમંડલ, સૂર્યમંડલ આદિ મંડલ; દસ વીર (ભૈરવ); ચોસઠ યોગિની; સર્વ સંશોધિની આદિ નવ મુદ્રા; બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને સદાશિવ પાંચ વીર; અ થી ક્ષ સુધીની એકાવન માત્રાઓથી યુક્ત માલિનીમંત્ર આ સર્વ તત્ત્વોથી યુક્ત જે ગુરુનું મંડલ છે. અર્થાત્ ગુરુ-દરબાર છે તેને હું નમન કરું છું. (૫૨)

અભ્યસ્તૈઃ સકલૈઃ સુદીર્ઘમનિલૈર્વ્યાધિપ્રદૈર્દુષ્કરૈઃ
પ્રાણાયામશતૈરનેકકરણૈ દુઃખાત્મકૈર્દુર્જયૈઃ ।
યસ્મિન્નભ્યુદિતે વિનશ્યતિ બલી વાયુઃ સ્વયં તત્ક્ષણાત્
પ્રાપ્તું તત્સહજં સ્વભાવમનિશં સેવધ્વમેકં ગુરુમ્ ॥ ૫૩ ॥

વ્યાધિ ઉત્પન્ન કરનાર, કરવા મુશ્કેલ, દુઃખદાયક અને દુર્જય એવા લાંબા સમય સુધી કરવામાં આવતા સેંકડો પ્રાણાયામની અનેક ક્રિયાઓના અભ્યાસથી શું લાભ? જેમનો અભ્યુદય થતાં જ બળવાન વાયુ જાતે જ નાશ પામે છે તેવા સહજ સ્વભાવવાળા એકમાત્ર ગુરુને જ તે

વસ્તુની પ્રાપ્તિ માટે સેવવા જોઈએ. (૫૩)

સ્વદેશિકસ્યૈવ શરીરચિન્તનં ભવેદનન્તસ્ય શિવસ્ય ચિન્તનમ્ ।
સ્વદેશિકસ્યૈવ ચ નામકીર્તનં ભવેદનન્તસ્ય શિવસ્ય કીર્તનમ્ ॥ ૫૪ ॥

પોતાના ગુરુદેવના શરીરનું ચિંતન એ ભગવાન શિવજીનું ચિંતન બની જાય છે અને પોતાના ગુરુદેવનું નામસંકીર્તન એ ભગવાન શિવનું સંકીર્તન બને છે. (૫૪)

યત્પાદરેણુકણિકા કાપિ સંસારવારિધેઃ ।
સેતુબંધાયતે નાથં દેશિકં તમુપાસ્મહે ॥ ૫૫ ॥

જેની પદરજનો એક નાનકડો કણ પણ સંસારસાગરનો સેતુ બની રહે છે, તેવા ગુરુદેવની હું ઉપાસના કરું છું. (૫૫)

યસ્માદનુગ્રહં લબ્ધ્વા મહદજ્ઞાનમુત્સૃજેત્ ।
તસ્મૈ શ્રીદેશિકેંદ્રાય નમશ્ચાભીષ્ટસિદ્ધયે ॥ ૫૬ ॥

જેનો અનુગ્રહ મેળવ્યા પછી મોટું અજ્ઞાન પણ નાશ પામે છે તેવા ગુરુદેવને ઈષ્ટ વિષયની સિદ્ધિ માટે નમસ્કાર. (૫૬)

પાદાબ્જં સર્વ સંસાર-દાવાનલવિનાશકં ।
બ્રહ્મરંધ્રે સિતામ્ભોજ-મધ્યસ્થં ચંદ્રમંડલે ॥ ૫૭ ॥
અકઠાદિ ત્રિરેખાબ્જે સહસ્રદલમંડલે ।
હંસપાર્શ્વત્રિકોણે ચ સ્મરેત્તન્મધ્યગં ગુરુમ્ ॥ ૫૮ ॥

જેના ચરણકમળ સંસારના સર્વ દાવાનળના વિનાશક છે તેવા શ્રીગુરુદેવના બ્રહ્મરંધ્રમાં ચંદ્રમંડળની અંદર શ્વેતકમળની વચ્ચે તથા સહસ્રદલ મંડલરૂપી કમળમાં અ-ક-થ આદિ ત્રણ રેખાઓના બનેલા અને હં તથા સઃ વર્ણોવાળા ત્રિકોણમાં ધ્યાન કેન્દ્રિત કરો. (૫૭-૫૮)

સકલભુવન સૃષ્ટિઃ કલ્પિતાશેષપુષ્ટિ-
ર્નિખિલ નિગમદૃષ્ટિઃ સંપદાં વ્યર્થ દૃષ્ટિઃ ।
અવગુણપરિમાર્ષ્ટિસ્તત્પદાર્થૈકદૃષ્ટિ-
ર્ભવગુણપરમેષ્ટિર્મોક્ષમાર્ગૈકદૃષ્ટિઃ ॥ ૫૯ ॥

સકલભુવનરંગસ્થાપનાસ્તંભયષ્ટિઃ
સકરુણરસવૃષ્ટિસ્તત્ત્વમાલાસમષ્ટિઃ ।
સકલસમયસૃષ્ટિઃ સચ્ચિદાનંદદષ્ટિ-
ર્નિવસતુ મયિ નિત્યં શ્રીગુરોર્દિવ્યદષ્ટિઃ ॥ ૬૦ ॥

ત્રણે ભુવનોને સર્જવાવાળી, સમસ્ત પદાર્થોને પુષ્ટ કરવાવાળી, બધા જ શાસ્ત્રો, નિગમોથી સભર દષ્ટિ, સંપદાઓને વ્યર્થ માનવાવાળી દષ્ટિ, અવગુણોના પરિહારવાળી અને એકમાત્ર તત્‌ની જ સત્તામાં સ્થિર કરનારી એક દષ્ટિ, સંસારના ગુણોની વિધાયિકા, એકમાત્ર મોક્ષમાર્ગે જ જકડી રાખતી દષ્ટિ, સકળ ભુવનના રંગમંચની સ્થાપનાના આધારભૂત સ્તંભ જેવી, કરુણારસની વૃષ્ટિ છે. છત્રીસ તત્ત્વોની સમષ્ટિ રૂપમાળા છે, જેના વડે સમસ્ત સમય (નીતિ-નિયમો)ની રચના થાય છે, જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એવી શ્રીગુરુદેવની દિવ્ય દષ્ટિ હંમેશાં મારા ઉપર રહો. (૫૯-૬૦)

અગ્નિશુદ્ધસમંતાત્ જ્વાલા પરિચકાધિયા ।
મંત્રરાજમિમં મન્યેઽહર્નિશં પાતુ મૃત્યુતઃ ॥ ૬૧ ॥

અગ્નિથી શુદ્ધ કરેલા સુવર્ણ જેવો અને ચારે બાજુથી બુદ્ધિરૂપી જ્વાલાથી શુદ્ધ કરેલો આ (ગુરુગીતા) મંત્રરાજ નિરંતર મૃત્યુથી મારું રક્ષણ કરે. (૬૧)

તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તત્સમીપકે ।
તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્ય બાહ્યતઃ ॥ ૬૨ ॥

એક ગુરુ (અથવા બ્રહ્મ)નું તત્ત્વ ગતિશીલ છે, એ અચલ છે; એ દૂર પણ છે અને સમીપ પણ છે. એ તત્ત્વ સર્વની અંદર છે તેમજ બહાર પણ છે. (૬૨)

અજોઽહમજરો હં ચ અનાદિનિધનઃ સ્વયં ।
અવિકારશ્ચિદાનંદ અણીયાન્મહતો મહાન્ ॥ ૬૩ ॥

અહં શબ્દથી ઓળખાતું એ તત્ત્વ અજર છે, અનાદિ છે અને પોતે જ નિધન કહેતાં મૃત્યુ પણ છે; નિર્વિકાર, ચિદાનંદ સ્વરૂપ, અણુથીય સૂક્ષ્મ અને મહત્‌થીય મહાન છે. (૬૩)

અપૂર્વાણાં પરં નિત્યં સ્વયં જ્યોતિર્નિરામયમ્ ।
વિરજં પરમાકાશં ધ્રુવમાનન્દમવ્યયમ્ ॥ ૬૪ ॥

જેનાથી આ ચર અને અચર અખિલ મંડલાકાર વ્યાપ્ત છે. એ પદને (બ્રહ્મતત્ત્વ કે આત્મતત્ત્વ) જેણે બતાવ્યું છે તેવા શ્રીગુરુદેવને નમસ્કાર. (૬૭)

સર્વશ્રુતિશિરોરત્ન-વિરાજિતપદાંબુજઃ ।
વેદાન્તામ્બુજસૂર્યો યસ્તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૬૮ ॥

જેના ચરણકમળ સર્વ વેદો (શ્રુતિઓ)ના મુગટમણિરૂપ મહાવાક્યોથી સુશોભિત છે અને જે વેદાંતરૂપી કમળને વિકસાવનાર સૂર્ય સમાન છે તે શ્રીગુરુદેવને મારા નમસ્કાર. (૬૮)

યસ્ય સ્મરણમાત્રેણ જ્ઞાનમુત્પદ્યતે સ્વયમ્ ।
ય એવ સર્વસંપ્રાપ્તિસ્તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૬૯ ॥

જેના સ્મરણમાત્રથી સ્વતઃ જ્ઞાન ઉત્પન્ન થાય છે, જે સ્વયં સર્વ પ્રાપ્તિરૂપે છે એવા શ્રીગુરુદેવને નમસ્કાર. (૬૯)

ચૈતન્યં શાશ્વતં શાન્તં વ્યોમાતીતં નિરંજનમ્ ।
નાદબિંદુ કલાતીતં તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૭૦ ॥

જે ચૈતન્યરૂપ, શાશ્વત, શાંત, આકાશથીય અળગા, નિરંજન, નાદાતીત, બિન્દ્વતીત (બિન્દુથી પર), કલાતીત છે તેવા શ્રીગુરુદેવને મારા નમસ્કાર. (૭૦)

સ્થાવરં જંગમં ચૈવ તથા ચૈવ ચરાચરમ્ ।
વ્યાપ્તં યેન જગત્સર્વં તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૭૧ ॥

સ્થાવર, જંગમ, ચર-અચર, સમસ્ત જગત જેનાથી વ્યાપ્ત છે, એવા શ્રીગુરુદેવને નમસ્કાર. (૭૧)

જ્ઞાનશક્તિસમારૂઢસ્તત્ત્વમાલાવિભૂષિતઃ ।
ભક્તિમુક્તિપ્રદાતા યસ્ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૭૨ ॥

જ્ઞાનશક્તિ પર આરુઢ, છત્રીસ તત્ત્વોની માળા વડે અલંકૃત, ભક્તિ અને મુક્તિના પ્રદાતા એવા શ્રીગુરુદેવને નમસ્કાર. (૭૨)

અનેકજન્મસંપ્રાપ્ત-સર્વકર્મવિદાહિને ।
સ્વાત્મજ્ઞાનપ્રભાવેણ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૭૩ ॥

અનેક જન્મોના બધા જ સંચિત કર્મોને જે પોતાના આત્મજ્ઞાનના પ્રભાવ વડે ભસ્મ કરનારા છે,

એવા શ્રીગુરુદેવને નમસ્કાર. (૭૩)

ન ગુરોરધિકં તત્ત્વં ન ગુરોરધિકં તપઃ ।
તત્ત્વં જ્ઞાનાત્પરં નાસ્તિ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૭૪ ॥

શ્રીગુરુથી મોટું બીજું કોઈ તત્ત્વ નથી. શ્રીગુરુની સેવાથી મોટું કોઈ તપ નથી. ગુરુના જ્ઞાનથી મોટું બીજું કોઈ તત્ત્વ નથી એવા શ્રીગુરુદેવને નમસ્કાર. (૭૪)

મન્નાથઃ શ્રીજગન્નાથો મદ્‌ગુરુસ્ત્રિજગદ્‌ગુરુઃ ।
મમાત્મા સર્વ ભૂતાત્મા તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૭૫ ॥

મારા નાથ તે સમગ્ર જગતના નાથ છે. મારા ગુરુ તો ત્રણે જગતના ગુરુ છે. મારો આત્મા સર્વ ભૂતોમાં રહેલો આત્મા છે. આવો અનુભવ કરાવનાર શ્રીગુરુને મારા નમસ્કાર. (૭૫)

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥ ૭૬ ॥

ધ્યાનનો મૂલાધાર શ્રીગુરુની મૂર્તિ છે. પૂજાનો મૂલાધાર શ્રીગુરુનાં ચરણ છે. મંત્રનો મૂલાધાર ગુરુવાક્ય છે અને મોક્ષનો મૂલાધાર શ્રીગુરુકૃપા છે. (૭૬)

ગુરુરાદિરનાદિશ્ચ ગુરુઃ પરમદૈવતમ્ ।
ગુરોઃ પરતરં નાસ્તિ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૭૭ ॥

ગુરુ આદિ-અનાદિ છે, ગુરુ પરમ દૈવત છે, ગુરુથી ભિન્ન એવું બીજું કશું તત્ત્વ નથી. તેથી જ શ્રીગુરુદેવને નમસ્કાર. (૭૭)

સપ્તસાગરપર્યન્ત-તીર્થસ્નાનાદિકં ફલમ્ ।
ગુરોરંઘ્રિપયોબિંદુસહસ્રાંશે ન દુર્લભમ્ ॥ ૭૮ ॥

સાત સાગરના તીર્થસ્નાનાદિથી જે ફળ મળે છે તે શ્રીગુરુદેવના ચરણામૃતના એક બિંદુના હજારમા ભાગથી પણ સુલભ છે. (૭૮)

હરૌ રુષ્ટે ગુરુસ્ત્રાતા ગુરૌ રુષ્ટે ન કશ્ચન ।
તસ્માત્સર્વ પ્રયત્નેન શ્રીગુરું શરણં વ્રજેત્ ॥ ૭૯ ॥

હરિ રુઠે તો શિષ્યને ગુરુ બચાવે છે, પરંતુ, જો ગુરુ રુઠે તો કોઈ બચાવી શકતું નથી. માટે સર્વ પ્રયત્નોથી શ્રીગુરુના શરણે જવું. (૭૯)

ગુરુરેવ જગત્સર્વં બ્રહ્મવિષ્ણુશિવાત્મકમ્ ।
ગુરોઃ પરતરં નાસ્તિ તસ્માત્સંપૂજયેદ્ ગુરુમ્ ॥ ૮૦ ॥

જગતમાં શ્રીગુરુનો જ મહિમા છે. ગુરુ એ જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવસ્વરૂપ છે. ગુરુથી શ્રેષ્ઠ એવું કોઈ તત્ત્વ નથી. માટે જ શ્રીગુરુનું પૂજન કરવું જોઈએ. (૮૦)

જ્ઞાનં વિજ્ઞાનસહિતં લભ્યતે ગુરુભક્તિતઃ ।
ગુરોઃ પરતરં નાસ્તિ ધ્યેયોઽસૌ ગુરુમાર્ગિભિઃ ॥ ૮૧ ॥

શ્રીગુરુની ભક્તિથી જ્ઞાન અને વિજ્ઞાન (આત્માનું અપરોક્ષ જ્ઞાન અને જગતનું પરોક્ષ જ્ઞાન) પ્રાપ્ત થાય છે. ગુરુદેવથી શ્રેષ્ઠ કશું નથી. માટે સિદ્ધમાર્ગીઓનું તો આ જ ધ્યેય છે. (૮૧)

યસ્માત્પરતરં નાસ્તિ નેતિ નેતીતિ વૈ શ્રુતિઃ ।
મનસા વચસા ચૈવ નિત્યમારાધયેદ્ ગુરુમ્ ॥ ૮૨ ॥

જેનાથી શ્રેષ્ઠ વસ્તુ કોઈ નથી માટે તો જેને શ્રુતિઓએ નેતિ-નેતિ કહીને ઓળખાવ્યા છે, એવા શ્રીગુરુદેવનું આરાધન મન અને વાણીથી નિત્ય કરવું. (૮૨)

ગુરોઃ કૃપાપ્રસાદેન બ્રહ્મવિષ્ણુસદાશિવાઃ ।
સમર્થાઃ પ્રભવાદૌ ચ કૈવલ્યં ગુરુસેવયા ॥ ૮૩ ॥

કેવળ ગુરુકૃપાથી જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ જેવા પણ વિશ્વની ઉત્પત્તિ કરવા સમર્થ થયા છે. (૮૩)

દેવકિન્નરગંધર્વાઃ પિતરો યક્ષચારણાઃ ।
મુનયોઽપિ ન જાનન્તિ ગુરુશુશ્રૂષણે વિધિમ્ ॥ ૮૪ ॥

દેવો, કિન્નરો, ગંધર્વો, પિતૃઓ, યક્ષો, ચારણો અને મુનિઓ પણ યથાર્થ રીતે ગુરુસેવાની વિધિ જાણતા નથી. (૮૪)

મદાહંકાર ગર્ભેણ તપો વિદ્યાબલાન્વિતાઃ ।
સંસારકુહરાવર્તે ઘટયંત્રે યથા ઘટાઃ ॥ ૮૫ ॥

તપ, વિદ્યા, બળથી યુક્ત લોકો, મહા અહંકારના ગર્વથી સંસારના આ ભ્રમચક્રમાં રેંટચક્રના ઘડાની માફક ફર્યા કરે છે. (૮૫)

ન મુક્તા દેવગંધર્વાઃ પિતરો યક્ષ કિન્નરાઃ ।
ઋષયઃ સર્વસિદ્ધાશ્ચ ગુરુસેવાપરાઙ્મુખાઃ ॥ ૮૬ ॥

દેવ, ગંધર્વો, પિતૃઓ, યક્ષ, કિન્નરો, ઋષિઓ અને સિદ્ધો, સૌ કોઈ ગુરુસેવાથી પરાઙ્મુખ (વિમુખ) થાય તો તેઓ કદી મુક્તિ પામતા નથી. (૮૬)

ધ્યાનં શ્રુણુ મહાદેવિ સર્વાનંદપ્રદાયકમ્ ।
સર્વસૌખ્યકરં નિત્યં ભુક્તિમુક્તિવિધાયકમ્ ॥ ૮૭ ॥

હે મહાદેવી પાર્વતી! સાંભળો. ગુરુનું ધ્યાન એ સર્વ આનંદદાયક, સર્વસુખપ્રદ અને નિત્ય ભુક્તિ અને મુક્તિ (ભોગ અને મોક્ષ) આપનારું છે. (૮૭)

શ્રીમત્પરબ્રહ્મ ગુરું સ્મરામિ શ્રીમત્પરબ્રહ્મ ગુરું વદામિ ।
શ્રીમત્પરબ્રહ્મ ગુરું નમામિ શ્રીમત્પરબ્રહ્મ ગુરું ભજામિ ॥ ૮૮ ॥

શ્રીમત્ પરમગુરુનું હું સ્મરણ કરું છું. હું શ્રીમત્ પરમબ્રહ્મ ગુરુનું સ્તવન કરું છું. હું શ્રીમત્ પરમબ્રહ્મ ગુરુને વંદન કરું છું અને હું શ્રીમત્ પરમબ્રહ્મ ગુરુને ભજું છું. (૮૮)

બ્રહ્માનદ પરમસુખદ કવલ જ્ઞાનમૂાત
દ્વંદ્વાતીતં ગગનસદશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતં
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ ॥ ૮૯ ॥

બ્રહ્માનંદ સ્વરૂપ, પરમ સુખદાતા, જ્ઞાનમૂર્તિ, સુખદુઃખાદિ દ્વંદ્વોથી પર, ગગનના જેવા વિશાળ, તત્ત્વમસિ આદિ વચનોથી લક્ષ્ય, નિત્ય, વિમલ, નિશ્ચલ, સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષીભૂત, ભાવાતીત, ત્રિગુણરહિત એવા શ્રીસદ્ગુરુને હું નમસ્કાર કરું છું. (૮૯)

નિત્યં શુદ્ધં નિરાભાસં નિરાકારં નિરંજનમ્ ।
નિત્ય બોધં ચિદાનંદં ગુરું બ્રહ્મ નમામ્યહમ્ ॥ ૯૦ ॥

નિત્યશુદ્ધ, આભાસરહિત, નિરંજન, નિરાકાર, નિત્યબોધસ્વરૂપ, ચિદાનંદરૂપ, પરબ્રહ્મ એવા શ્રીગુરુને હું નમસ્કાર કરું છું. (૯૦)

હૃદંબુજે કર્ણિકમધ્યસંસ્થે સિંહાસને સંસ્થિતદિવ્યમૂર્તિમ્ ।
ધ્યાયેદ્ ગુરું ચંદ્રકલાપ્રકાશં ચિત્પુસ્તકાભીષ્ટવરં દધાનમ્ ॥ ૯૧ ॥

હૃદયકમળમધ્યે, કર્ણિકાની વચ્ચે વિદ્યમાન, સિંહાસને બિરાજેલ દિવ્યમૂર્તિ, ચંદ્રકલા સમાન પ્રકાશરૂપ, એક હાથે જ્ઞાનરૂપ પુસ્તક અને બીજા હાથમાં જેણે વરદાયિની મુદ્રા ધારણ કરી છે, તેવા શ્રીગુરુનું ધ્યાન ધરવું. (૯૧)

શ્વેતાંબરં શ્વેતવિલેપપુષ્પં મુક્તાવિભૂષં મુદિતં દ્વિનેત્રમ્ ।
વામાંકપીઠસ્થિતદિવ્યશક્તિં મંદસ્મિતં સાંદ્રકૃપાનિધાનમ્ ॥ ૯૨ ॥

શ્વેત વસ્ત્ર, શ્વેત વિલેપન અને શ્વેત પુષ્પોને જેણે ધારણ કર્યાં છે, મોતીઓથી અલંકૃત, આનંદપૂર્ણ બે નેત્રોવાળા, જેની ડાબી પીઠિકા પર દિવ્યશક્તિ બિરાજમાન છે, મંદસ્મિતવાળા અને ગાઢ કૃપાના સાગરરૂપ શ્રીગુરુદેવનું ધ્યાન ધરવું. (૯૨)

આનંદમાનંદકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધયુક્તં ।
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીમદ્ગુરું નિત્યમહં નમામિ ॥ ૯૩ ॥

આનંદરૂપ, આનંદકર્તા, પ્રસન્ન, જ્ઞાનસ્વરૂપ, આત્મજ્ઞાનયુક્ત, યોગીશ્વર, સ્તુતિ કરવા યોગ્ય, ભવરોગના વૈદ્ય એવા શ્રીગુરુને હું વંદન કરું છું. (૯૩)

યસ્મિન્સૃષ્ટિસ્થિતિધ્વંસ નિગ્રહાનુગ્રહાત્મકમ્ ।
કૃત્યં પંચવિધં શશ્વદ્ ભાસતે તં નમામ્યહમ્ ॥ ૯૪ ॥

જેનામાં ઉત્પત્તિ, સ્થિતિ, લય, નિગ્રહ અને અનુગ્રહ એ પંચકૃત્યો નિત્ય ભાસે છે એવા શ્રીગુરુદેવને હું નમસ્કાર કરું છું. (૯૪)

પ્રાતઃ શિરસિ શુક્લાબ્જે દ્વિનેત્રં દ્વિભુજં ગુરુમ્ ।
વરાભયયુતં શાંતં સ્મરેત્તંનામપૂર્વકમ્ ॥ ૯૫ ॥

પ્રાતઃકાળે મસ્તકના શ્વેતકમળમાં બિરાજિત બે નેત્ર, બે ભૂજાવાળા, શ્રેષ્ઠ, અભયમુદ્રાયુક્ત, શાંત ગુરુદેવનું નામપૂર્વક સ્મરણ કરવું. (૯૫)

ન ગુરોરધિકં ન ગુરોરધિકં ન ગુરોરધિકં ન ગુરોરધિકમ્ ।
શિવશાસનતઃ શિવશાસનતઃ શિવશાસનતઃ શિવશાસનતઃ ॥ ૯૬ ॥

ગુરુથી અધિક કશુંય નથી. ગુરુથી અધિક કોઈ તત્ત્વ નથી. એ શિવશાસન છે. એ શિવશાસન છે. એ શિવશાસન છે. (૯૬)

ઈદમેવ શિવં ત્વિદમેવ શિવં ત્વિદમેવ શિવં ત્વિદમેવ શિવમ્ ।
મમ શાસનતો મમ શાસનતો મમ શાસનતો મમ શાસનતઃ ॥ ૯૭ ॥

એ જ ગુરુતત્ત્વ કલ્યાણકારી છે, કલ્યાણકારી છે, કલ્યાણકારી છે. એ જ (શંકર જ) મારું શાસન છે, મારું શાસન છે, મારું શાસન છે. (૯૭)

એવં વિધં ગુરું ધ્યાત્વા જ્ઞાનમુત્પદ્યતે સ્વયમ્ ।
તત્સદ્‍ગુરુપ્રસાદેન મુક્તોऽહમિતિ ભાવયેત્ ॥ ૯૮ ॥

આ પ્રકારે (શ્લોક ૮૮ થી ૯૭માં વર્ણવ્યા પ્રમાણે) ગુરુનું ધ્યાન ધરવાથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. સદ્‍ગુરુના એ કૃપાપ્રસાદથી જ હું મુક્ત છું એવી ભાવના રાખવી. (૯૮)

ગુરુદર્શિતમાર્ગેણ મનઃશુદ્ધિં તુ કારયેત્ ।
અનિત્યં ખંડયેત્સર્વં યત્કિંચિદાત્મગોચરમ્ ॥ ૯૯ ॥

ગુરુએ ચિંધેલા માર્ગથી મનની શુદ્ધિ કરવી. મન અને ઈન્દ્રિયો દ્વારા ગોચર (ઈન્દ્રિયોથી ગ્રાહ્ય) વિષયરૂપ, સર્વ અનિત્ય પદાર્થોનો ત્યાગ કરવો. (૯૯)

જ્ઞેયં સર્વ સ્વરૂપં ચ જ્ઞાનં ચ મન ઉચ્યતે ।
જ્ઞાનં જ્ઞેયસમં કુર્યાન્ નાન્યઃ પંથા દ્વિતીયકઃ ॥ ૧૦૦ ॥

સ્વસ્વરૂપ (આત્મા) તે જ્ઞેય (જાણવા જેવો), જ્ઞાન મન દ્વારા પમાય છે, જે જ્ઞાન છે તેને જ્ઞેયસમ કરવો (અર્થાત્ મનને આત્મસ્વરૂપ કરવું). મોક્ષપ્રાપ્તિનો આ સિવાય બીજો કોઈ માર્ગ નથી. (૧૦૦)

એવં શ્રુત્વા મહાદેવિ ગુરુનિંદાં કરોતિ યઃ ।
સ યાતિ નરકં ઘોરં યાવત્ચંદ્રદિવાકરૌ ॥ ૧૦૧ ॥

હે મહાદેવી! આ ગુરુમહિમા સાંભળ્યા પછી પણ જે ગુરુનિંદા કરે છે તે સૂર્ય-ચંદ્રની હસ્તી હશે ત્યાં સુધી (અર્થાત્ કાયમ માટે) ઘોર નરકમાં પડશે. (૧૦૧)

યાવત્કલ્પાંતકો દેહસ્તાવદેવ ગુરું સ્મરેત્ ।
ગુરુલોપો ન કર્તવ્યઃ સ્વચ્છંદો યદિ વા ભવેત્ ॥ ૧૦૨ ॥

દેહ ટકે ત્યાં સુધી છેક કલ્પના અંત સુધી શ્રીગુરુનું સ્મરણ કરતા રહેવું જોઈએ. સ્વચ્છંદતા દરમ્યાન પણ ગુરુસ્મરણ ન લોપાય તે જોવું જોઈએ. (૧૦૨)

હું કારેણ ન વક્તવ્યં પ્રાજ્ઞૈઃ શિષ્યૈઃ કથંચન ।
ગુરોરગ્રે ન વક્તવ્યમસત્યં ચ કદાચન ॥ ૧૦૩ ॥

વિવેકી શિષ્ય ગુરુની સામે ક્યારેય હુંકારથી (અહંકારથી) બોલતો નથી કે સત્યથી વેગળા હોય તેવા વેણ (ઉચ્ચારણ) કાઢતો નથી. (૧૦૩)

ગુરું ત્વં કૃત્ય હું કૃત્ય ગુરું નિર્જિત્ય વાદતઃ ।
અરણ્યે નિર્જલદેશે સ ભવેદ્ બ્રહ્મરાક્ષસઃ ॥ ૧૦૪ ॥

ગુરુની સામે જે હુંકાર-તુંકારથી બોલે છે અને વાદવિવાદથી જીતવા મથે છે તે મનુષ્ય નિર્જન અરણ્યમાં બ્રહ્મરાક્ષસ થાય છે. (૧૦૪)

મુનિભિઃ પન્નગૈર્વાઽપિ સુરૈર્વા શાપિતો યદિ ।
કાલમૃત્યુભયાદ્વાપિ ગુરુ રક્ષતિ પાર્વતિ ॥ ૧૦૫ ॥

હે પાર્વતી! મુનિઓ, સર્પો, પન્નગો અથવા દેવોથી પણ જો શાપ અપાયો હોય તો તેમાંથી અને કાળ અને મૃત્યુના ભયથી પણ ગુરુ રક્ષણ કરે છે. (૧૦૫)

અશક્તા હિ સુરાદ્યાશ્ચ અશક્તા મુનયસ્તથા ।
ગુરુશાપેન તે શીઘ્રં ક્ષયં યાન્તિ ન સંશયઃ ॥ ૧૦૬ ॥

ગુરુના શાપને ટાળવા માટે દેવો કે મુનિઓ પણ શક્તિમાન નથી. ગુરુના શાપથી શાપિતનો જલદી વિનાશ થાય છે તેમાં કોઈ શંકા નથી. (૧૦૬)

મંત્રરાજમિદં દેવિ ગુરુરિત્યક્ષરદ્વયમ્ ।
સ્મૃતિવેદાર્થવાક્યેન ગુરુઃ સાક્ષાત્પરં પદમ્ ॥ ૧૦૭ ॥

હે દેવી પાર્વતી! માત્ર બે જ અક્ષરનો બનેલો મંત્ર 'ગુરુ' એ સર્વ મંત્રોમાં મંત્રરાજ છે. શ્રુતિ-સ્મૃતિનો પણ તે આધારભૂત અર્થ છે. તેથી ગુરુ એ સાક્ષાત્ પરમ પદ છે. (૧૦૭)

શ્રુતિસ્મૃતિ અવિજ્ઞાય કેવલં ગુરુસેવકાઃ ।
તે વૈ સંન્યાસિનઃ પ્રોક્તા ઈતરે વેષધારિણઃ ॥ ૧૦૮ ॥

શ્રુતિ-સ્મૃતિથી અજાણ કોઈ પણ શિષ્ય કેવળ ગુરુસેવા કરનાર છે તે જ સાચો સંન્યાસી છે. અન્ય તો માત્ર વેશધારીઓ છે. (૧૦૮)

નિત્યં બ્રહ્મ નિરાકારં નિર્ગુણં બોધયતે પરમ્ ।
સર્વં બ્રહ્મ નિરાભાસં દીપો દીપાન્તરં યથા ॥ ૧૦૯ ॥

જેમ દીવાથી દીવો પ્રગટે એમ ગુરુ શિષ્યને નિત્ય, નિરાકાર, નિર્ગુણ, નિરાભાસ, પરબ્રહ્મનો બોધ કરાવે છે. (૧૦૯)

ગુરોઃ કૃપાપ્રસાદેન આત્મારામં નિરીક્ષયેત્ ।
અનેન ગુરુમાર્ગેણ સ્વાત્મજ્ઞાનં પ્રવર્તતે ॥ ૧૧૦ ॥

શ્રીગુરુના કૃપાપ્રસાદ વડે આત્માનું ધ્યાન ધરવું જોઈએ. આ ગુરુમાર્ગ દ્વારા જ આત્મજ્ઞાન પ્રગટે છે. (૧૧૦)

આબ્રહ્મસ્તંબપર્યંતં પરમાત્મસ્વરૂપકમ્ ।
સ્થાવરં જંગમં ચૈવ પ્રણમામિ જગન્મયમ્ ॥ ૧૧૧ ॥

બ્રહ્મથી માંડીને તુચ્છ તણખલા સુધીનું બધું સ્થાવર-જંગમ પરમાત્મા સ્વરૂપ છે. એવા જગત્મય ગુરુદેવને હું પ્રણામ કરું છું. (૧૧૧)

વંદેઽહં સચ્ચિદાનંદં ભેદાતીતં સદા ગુરુમ્ ।
નિત્યં પૂર્ણં નિરાકારં નિર્ગુણં સ્વાત્મસંસ્થિતમ્ ॥ ૧૧૨ ॥

સચ્ચિદાનંદ સ્વરૂપ, ભેદરહિત, નિત્ય, પૂર્ણ, નિરાકાર, નિર્ગુણ પોતાના અંતરમાં રહેલા એવા ગુરુદેવને હું સદા વંદન કરું છું. (૧૧૨)

પરાત્પરતરં ધ્યેયં નિત્યમાનંદકારકમ્ ।
હૃદયાકાશમધ્યસ્થં શુદ્ધસ્ફટિકસન્નિભમ્ ॥ ૧૧૩ ॥

પરથી પણ પર, નિત્ય, આનંદદાયક, શુદ્ધ સ્ફટિકના જેવા હૃદયાકાશે રહેલાનું ધ્યાન ધરવું જોઈએ. (૧૧૩)

સ્ફટિકપ્રતિમારૂપં દૃશ્યતે દર્પણે યથા ।
તથા આત્મનિ ચિદાકારં આનંદં સોઽહમિત્યુત ॥ ૧૧૪ ॥

દર્પણ પણ જેમ સ્ફટિક જેવું શુદ્ધ, પ્રતિમારૂપ દેખાય તેમજ અક્ષરમાં ચિદાકાર આનંદરૂપ એ જ હું સોહમ્ ભાવે દેખાય છે. (૧૧૪)

અંગુષ્ઠમાત્રપુરુષં ધ્યાયતશ્ચિન્મયં હૃદિ ।
તત્રસ્ફુરતિ ભાવો યઃ શ્રુણુ તં કથયામ્યહમ્ ॥ ૧૧૫ ॥

અંગુષ્ઠ પ્રમાણ પુરુષ (અર્થાત્ ચિન્મય આત્મા)નું ધ્યાન ધરતી વખતે જે ભાવ સ્ફૂરે છે તે તને કહું છું તે સાંભળ. આમ શંકર ભગવાન પાર્વતીને કહે છે. (૧૧૫)

અગોચરં તથાऽગમ્યં નામરૂપવિવર્જિતમ્ ।
નિઃશબ્દં તદ્વિજાનીયાત્ સ્વભાવં બ્રહ્મ પાર્વતી ॥ ૧૧૬ ॥

હે પાર્વતી! બ્રહ્મનું પોતાનું સ્વરૂપ અગોચર, અગમ્ય, નામરૂપથી પર, નિઃશબ્દ છે તેને જાણવું જોઈએ. (૧૧૬)

યથા ગંધઃ સ્વભાવેન કર્પૂરકુસુમાદિષુ ।
શીતોષ્ણાદિ સ્વભાવેન તથા બ્રહ્મ ચ શાશ્વતમ્ ॥ ૧૧૭ ॥

જેમ કપૂર અને પુષ્પ વગેરેમાં સુગંધ તેમજ શીતળતા કે ઉષ્ણતા મૂળગત ધર્મરૂપે હોય છે તે જ રીતે બ્રહ્મ સ્વભાવથી જ શાશ્વત છે. (૧૧૭)

સ્વયં તથાવિધો ભૂત્વા સ્થાતવ્યં યત્રકુત્રચિત્ ।
કીટભ્રમરવત્તત્ર ધ્યાનં ભવતિ તાદૃશમ્ ॥ ૧૧૮ ॥

આ રીતે પોતે બ્રહ્મરૂપ થઈને સંસારમાં અત્ર-તત્ર (બધે) રહેવું. કીટ, ભમરના ધ્યાનમાં રત રહીને ભ્રમર બની જાય છે તે જ રીતે દરેક જીવ પણ બ્રહ્મનું ધ્યાન ધરતાં બ્રહ્મ થઈ જાય છે. (૧૧૮)

ગુરુધ્યાનં તથા કૃત્વા સ્વયં બ્રહ્મમયો ભવેત્ ।
પિંડે પદે તથા રૂપે મુક્તોऽસૌ નાત્ર સંશયઃ ॥ ૧૧૯ ॥

એ પ્રમાણે ગુરુધ્યાન ધરવાથી શિષ્ય બ્રહ્મમય થાય છે. પિંડમાં, પદમાં અને રૂપમાં ક્યાંય એ બંધાયા વિના મુક્ત રહે છે એમાં કોઈ સંશય નથી. (૧૧૯)

સ્વયં સર્વમયો ભૂત્વા પરં તત્ત્વં વિલોકયેત્ ।
પરાત્પરતરં નાન્યત્ સર્વમેતન્નિરાલયમ્ ॥ ૧૨૦ ॥

પોતે સર્વમય થઈને પછી એ પરમ તત્ત્વને વિલોકવું જોઈએ. એ પરમ તત્ત્વથી પર કે શ્રેષ્ઠ કશું જ નથી એ બધું જ નિરાલંબ છે. (૧૨૦)

તસ્યાવલોકનં પ્રાપ્ય સર્વસંગવિવર્જિતમ્ ।
એકાકી નિઃસ્પૃહઃ શાન્તસ્તિષ્ઠાસીત્ તત્પ્રસાદતઃ ॥ ૧૨૧ ॥

એવું અવલોકન સિદ્ધ થવાથી તે કૃપાપ્રસાદ વડે સર્વ (આસક્તિરૂપી) અંગોથી અળગા એકાકી, નિઃસ્પૃહ અને શાંત, સ્થિર થવાય છે. (૧૨૧)

લબ્ધં વાઽથ ન લબ્ધં વા સ્વલ્પં વા બહુલં તથા ।
નિષ્કામેનૈવ ભોક્તવ્યં સદા સંતુષ્ટચેતસા ॥ ૧૨૨ ॥

ઈષ્ટ મળે કે ન મળે, થોડું મળે કે ઝાઝું મળે, નિષ્કામભાવે સદા સંતુષ્ટ ચિત્તથી એનો અનુભવ કરવો. (૧૨૨)

સર્વજ્ઞપદમિત્યાહુર્દેહી સર્વમયો બુધાઃ ।
સદાનંદઃ સદા શાન્તો રમતે યત્ર કુત્રચિત્ ॥ ૧૨૩ ॥

દેહી (જીવ)ને થતા સર્વાત્મભાવને જ્ઞાનીઓ સર્વજ્ઞ પદ કહે છે. જ્યાં હો ત્યાં બસ, સદા આનંદમાં, સદા શાંતિમાં રમમાણ રહેવું. (૧૨૩)

યત્રૈવ તિષ્ટતે સોઽપિ સ દેશઃ પુણ્યભાજનમ્ ।
મુક્તસ્ય લક્ષણં દેવિ તવાગ્રે કથિતં મયા ॥ ૧૨૪ ॥

આવો મુક્ત જીવ જ્યાં વસે છે તે ભૂમિ પુણ્યભૂમિ બની જાય છે. હે દેવી! ઉપરોક્ત બધા મુક્તનાં લક્ષણો છે. (૧૨૪)

ઉપદેશસ્તથા દેવિ ગુરુમાર્ગેણ મુક્તિદઃ ।
ગુરુભક્તિસ્તથા ધ્યાનં સકલં તવ કીર્તિતમ્ ॥ ૧૨૫ ॥

ગુરુમાર્ગથી મળતી મુક્તિ અંગેનો ઉપદેશ, ગુરુભક્તિ, ધ્યાન બધું જ મેં તમને વર્ણવી બતાવ્યું છે એમ શંકર ભગવાન પાર્વતીજીને કહે છે. (૧૨૫)

અનેન યદ્ભવેત્કાર્યં તદ્વદામિ મહામતે ।
લોકોપકારકં દેવિ લૌકિકં તુ ન ભાવયેત્ ॥ ૧૨૬ ॥

હે બુદ્ધિમતિ! આ (ગુરુભક્તિ અને ધ્યાન વગેરે) બધા જ વડે જે કાર્યો સિદ્ધ થાય છે તે વિશે હવે કહું છું એ લોકોના ભલા માટે થાય છે રૂઢ લોકરિવાજની જેમ લૌકિક રીતે નહીં. (૧૨૬)

લૌકિકાત્કર્મણો યાન્તિ જ્ઞાનહીના ભવાર્ણવમ્ ।
જ્ઞાની તુ ભાવયેત્સર્વં કર્મ નિષ્કર્મ યત્કૃતમ્ ॥ ૧૨૭ ॥

લૌકિક કર્મો કરનારા, જ્ઞાન વગરના હોવાથી ભવાટવીમાં ભટકતા રહે છે. જ્ઞાનીઓ એ કર્મને ફળની ઈચ્છા રાખ્યા વિના કરે છે. (૧૨૭)

ઈદં તુ ભક્તિભાવેન પઠતે શ્રુણુતે યદિ ।
લિખિત્વા તત્પ્રદાતવ્યં દાનં દક્ષિણયાસહ ॥ ૧૨૮ ॥

આ ગુરુગીતા જે કોઈ ભક્તિભાવથી વાંચે કે સાંભળે અથવા લખીને દાન-દક્ષિણા સહ અન્યને આપે તે સર્વ પ્રકારની સફળતાને પામે છે. (૧૨૮)

ગુરુગીતાત્મકં દેવિ શુદ્ધતત્ત્વં મયોદિતમ્ ।
ભવવ્યાધિવિનાશાર્થં સ્વયમેવ જપેત્સદા ॥ ૧૨૯ ॥

હે દેવી પાર્વતી! ગુરુગીતાનું શુદ્ધતત્ત્વ મેં તમને બતાવ્યું. ભવની વ્યાધિનો નાશ કરવા પોતે જ એનો જાપ કરવો જોઈએ. (૧૨૯)

ગુરુગીતાક્ષરૈકં તુ મંત્રરાજમિમં જપેત્ ।
અન્યે ચ વિવિધા મંત્રાઃ કલાં નાર્હંતિ ષોડશીમ્ ॥ ૧૩૦ ॥

ગુરુગીતાનો પ્રત્યેક અક્ષર મંત્રરાજની માફક શ્રદ્ધાપૂર્વક જપવો જોઈએ. આ સિવાયના બીજા મંત્રો આના સોળમા ભાગ જેટલા પણ પ્રભાવી નથી. (૧૩૦)

અનંત ફલમાપ્નોતિ ગુરુગીતાજપેન તુ ।
સર્વપાપપ્રશમનં સર્વદારિદ્રનાશનમ્ ॥ ૧૩૧ ॥

ગુરુગીતાના સ્તોત્રપાઠથી સર્વ પાપો નાશ પામે છે, સર્વ દારિદ્ર્યનો નાશ થાય છે અને અનંત ફળ મળે છે. (૧૩૧)

કાલમૃત્યુભયહરં સર્વસંકટનાશનમ્ ।
યક્ષરાક્ષસભૂતાનાં ચોરવ્યાઘ્રભયાપહમ્ ॥ ૧૩૨ ॥

ગુરુગીતા એ કાળના કે મૃત્યુના ભયને હરનાર છે. સર્વ સંકટનો નાશ કરે છે. યક્ષ, રાક્ષસ, ભૂત વગેરેના તેમજ ચોર, વાઘ વગેરેના ભયને હરે છે. (૧૩૨)

મહાવ્યાધિહરં સર્વં વિભૂતિસિદ્ધિદં ભવેત્ ।

અથવા મોહનં વશ્યં સ્વયમેવ જપેત્સદા ॥ ૧૩૩ ॥

ગુરુગીતાનો પાઠ મહાવ્યાધિને હરે છે, સાધકને દૈવી શક્તિ અને સિદ્ધિઓ આપનાર છે. તેના દ્વારા સંમોહન, વશીકરણ વગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે માટે એનો જાપ જાતે જ કરવો જોઈએ. (૧૩૩)

કુશૈર્વા દૂર્વયા દેવિ આસને શુભ્રકંબલે ।

ઉપવિશ્ય તતો દેવિ જપદેકાગ્રમાનસઃ ॥ ૧૩૪ ॥

હે દેવી પાર્વતી! કુશ એટલે દર્ભ (અથવા દુર્વા), સફેદ કંબલના આસન ઉપર બેસીને ગુરુગીતાનો એકાગ્ર ચિત્તે જપ કરવો જોઈએ. (૧૩૪)

ધ્યેયં શુક્લં ચ શાંત્યર્થં વશ્યે રક્તાસનં પ્રિયે ।

અભિચારે કૃષ્ણવર્ણં પીતવર્ણં ધનાગમે ॥ ૧૩૫ ॥

શાંતિ અર્થે સફેદ આસન, વશીકરણ માટે લાલ આસન, સંમોહન માટે કાળું આસન અને ધનપ્રાપ્તિ માટે પીળા રંગનું આસન યોગ્ય ગણાય છે. (૧૩૫)

ઉત્તરે શાંતિકામસ્તુ વશ્યે પૂર્વમુખો જપેત્ ।

દક્ષિણે મારણં પ્રોક્તં પશ્ચિમે ચ ધનાગમઃ ॥ ૧૩૬ ॥

શાંતિની કામના માટે ઉત્તર દિશામાં તથા વશીકરણ માટે પૂર્વ દિશામાં મુખ રાખી જપ કરવો. મારણ માટે દક્ષિણ દિશામાં અને ધનપ્રાપ્તિ માટે પશ્ચિમ દિશામાં મુખ રાખી જાપ કરવો. (૧૩૬)

મોહનં સર્વભૂતાનાં બંધમોક્ષકરં ભવેત્ ।

દેવરાજપ્રિયકરં સર્વલોકવશં ભવેત્ ॥ ૧૩૭ ॥

આ ગુરુગીતાનો પાઠ સર્વ જીવો માટે સંમોહનકર્તા અને સર્વ પ્રકારના બંધનોથી મુક્ત કરનાર છે. જપ કરનાર પર દેવ અને રાજા બંનેનો પ્રેમ સંપાદન થાય છે અને બધા જ તેના વશમાં રહે છે. (૧૩૭)

સર્વેષાં સ્તંભનકરં ગુણાનાં ચ વિવર્ધનમ્ ।

દુષ્કર્મનાશનં ચૈવ સુકર્મસિદ્ધિદં ભવેત્ ॥ ૧૩૮ ॥

આ ગુરુગીતાનો પાઠ બધા જ અવગુણોને, કષ્ટોને અટકાવનાર અને ગુણોમાં વૃદ્ધિ કરનાર છે, દુષ્કર્મોનો નાશ કરનાર અને સત્કર્મોની સિદ્ધિ આપનાર છે. (૧૩૮)

અસિદ્ધં સાધતેત્કાર્યં નવગ્રહભયાપહમ્ ।
દુઃસ્વપ્નનાશનં ચૈવ સુસ્વપ્નફલદાયકમ્ ॥ ૧૩૯ ॥

આ ગુરુગીતાના પાઠથી અસિદ્ધ કાર્યો સિદ્ધ થાય છે. નવગ્રહોનો ભય ટળે છે, દુઃસ્વપ્નોનો નાશ થાય છે અને સારા સ્વપ્નનું ફળ મળે છે. (૧૩૯)

સર્વશાંતિકરં નિત્યં તથા વંધ્યાસુપુત્રદમ્ ।
અવૈધવ્યકરં સ્ત્રીણાં સૌભાગ્યદાયકં સદા ॥ ૧૪૦ ॥

આ ગુરુગીતાનો પાઠ હંમેશાં શાંતિ આપનાર, વંધ્યાને સુપુત્ર આપનાર, સ્ત્રીઓને સૌભાગ્ય આપનાર અને અવૈધવ્યકર ફળ આપનાર છે. (૧૪૦)

આયુરારોગ્યમૈશ્વર્ય - પુત્રપૌત્રપ્રવર્ધનમ્ ।
અકામતઃ સ્ત્રી વિધવા જપાન્મોક્ષમવાપ્નુયાત્ ॥ ૧૪૧ ॥

આ ગુરુગીતાનો પાઠ દીર્ઘાયુષ્ય આરોગ્ય અને ઐશ્વર્ય વધારનાર છે. વિધવા સ્ત્રી જો નિષ્કામભાવે જપ કરે તો તે મોક્ષ પ્રાપ્ત કરે છે. (૧૪૧)

અવૈધવ્યં સકામા તુ લભતે ચાન્યજન્મનિ ।
સર્વદુઃખભયં વિઘ્નં નાશયેચ્છાપહારકમ્ ॥ ૧૪૨ ॥

જો કોઈ વિધવા સ્ત્રી સકામભાવે પાઠ કરે તો બીજા જન્મમાં તે સૌભાગ્ય (અવૈધવ્ય) મેળવે છે. આ ગુરુગીતાનો પાઠ સર્વ દુઃખ, ભય, વિઘ્નનો નાશ કરનાર છે અને તે પાઠ કરનારને શાપમુક્ત કરે છે. (૧૪૨)

સર્વબાધાપ્રશમનં ધર્માર્થકામમોક્ષદમ્ ।
યં યં ચિંતયતે કામં તં તં પ્રાપ્નોતિ નિશ્ચિતમ્ ॥ ૧૪૩ ॥

ગુરુગીતાના પાઠથી સર્વ બાધાઓ (વિઘ્નો) ટળી જાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ પ્રાપ્ત થાય છે અને પાઠ કરનાર જે ઈચ્છે છે તે તેને નિશ્ચિતરૂપે મળે છે. (૧૪૩)

કામિતસ્ય કામધેનુઃ કલ્પનાકલ્પપાદપઃ ।
ચિંતામણિશ્ચિંતિતસ્ય સર્વમંગલકારકમ્ ॥ ૧૪૪ ॥

ગુરુગીતાનો પાઠ સકામભાવે કરનાર માટે તે કામધેનુ સ્વરૂપ છે. કલ્પના કરનાર માટે

કલ્પવૃક્ષ સમાન છે. ચિંતન કરનાર માટે ચિંતામણિ સ્વરૂપ છે. તેમજ સર્વથા અને સર્વ માટે મંગલકારક છે. (૧૪૪)

મોક્ષહેતુર્જપન્નિત્યં મોક્ષશ્રિયમવાપ્નુયાત્ ।
ભોગકામો જપેદ્યો વૈ તસ્ય કામફલપ્રદમ્ ॥ ૧૪૫ ॥

મોક્ષના હેતુથી નિત્ય પાઠ કરવામાં આવે તો મોક્ષ મળે છે અને ભોગની ઈચ્છાથી કોઈ જપે તો તેને ઈચ્છિત ફળ મળે છે. (૧૪૫)

જપેત્શાક્તશ્ચ સૌરશ્ચ ગાણપત્યશ્ચ વૈષ્ણવઃ ।
શૈવશ્ચ સિદ્ધિદં દેવિ સત્યં સત્યં ન સંશયઃ ॥ ૧૪૬ ॥

હે દેવી પાર્વતી! શક્તિ ઉપાસકો કે સૂર્ય ઉપાસકોએ, વૈષ્ણવોએ કે શૈવોએ તેમજ ગણપતિ ઉપાસકોએ પણ ગુરુગીતાનો પાઠ જપ કરવો જોઈએ. એ બધા જ ઉપાસકો માટે સાચો સિદ્ધિપ્રદ, સત્યપ્રદ છે એમાં જરા પણ શંકા નથી. (૧૪૬)

અથ કામ્યજપે સ્થાનં કથયામિ વરાનને ।
સાગરે વા સરિત્તીરેऽથવા હરિહરાલયે ॥ ૧૪૭ ॥

શક્તિદેવાલયે ગોષ્ઠે સર્વદેવાલયે શુભે ।
વટે ચ ધાત્રીમૂલે વા મઠે વૃંદાવને તથા ॥ ૧૪૮ ॥

પવિત્રે નિર્મલે સ્થાને નિત્યાનુષ્ઠાનતોऽપિ વા ।
નિર્વેદનેન મૌનેન જપમેતં સમાચરેત્ ॥ ૧૪૯ ॥

હે સુમુખી પાર્વતી! ગુરુગીતાના પાઠ કે જપ માટે સ્થાન જણાવું છું. સાગર કે સરિતાતટે, વિષ્ણુમંદિરે કે શિવાલયમાં, શક્તિપીઠમાં કે ગાયની ગમાણમાં, સર્વ શુભ સ્થાનોમાં, બધા દેવાલયોમાં, વડ અને આમળાના મૂળ પાસે, મઠમાં કે તુલસીવનમાં, કોઈ પણ પવિત્ર નિર્મળ સ્થાને નિત્ય અનુષ્ઠાનપૂર્વક શાંત થઈને મૌન ગ્રહણ કરીને આ જપ કરવો જોઈએ. (૧૪૭-૧૪૯)

સ્મશાને ભયભૂમૌ તુ વટમૂલાન્તિકે તથા ।
સિદ્ધ્યન્તિ ધૌત્તરે મૂલે ચૂતવૃક્ષસ્ય સન્નિધૌ ॥ ૧૫૦ ॥

સ્મશાન જેવા ભયસ્થાનોમાં, વડવાઈઓ કે ધતુરાના મૂળ પાસે, આંબાના સાંનિધ્યમાં પાઠ જપ કરવાથી અવશ્ય સિદ્ધિઓ મળે છે. (૧૫૦)

ગુરુપુત્રો વરં મૂર્ખસ્તસ્ય સિદ્ધ્યન્તિ નાન્યથા ।
શૂભકર્માણિ સર્વાણિ દીક્ષાવ્રતતપાંસિ ચ ॥ ૧૫૧ ॥

ગુરુપુત્ર મૂર્ખ હોય તો પણ સારો. એના દીક્ષા, વ્રત, તપ વગેરે બધાં જ શુભ કાર્યો સિદ્ધ થાય છે નકામા જતા નથી. (૧૫૧)

સંસારમલનાશાર્થં ભવપાશનિવૃતયે ।
ગુરુગીતાંભસિ સ્નાનં તત્ત્વજ્ઞઃ કુરુતે સદા ॥ ૧૫૨ ॥

સંસારની મલિનતાઓના નાશ માટે, ભવના બંધનોમાંથી છૂટવા માટે તત્ત્વજ્ઞાનીએ ગુરુગીતાના જળથી સદા સ્નાન કરવું જોઈએ. (૧૫૨)

સ એવ ચ ગુરુઃ સાક્ષાત્ સદા સદ્બ્રહ્મવિત્તમઃ ।
તસ્ય સ્થાનાનિ સર્વાણિ પવિત્રાણિ ન સંશય ॥ ૧૫૩ ॥

જે સદ્બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છે તે જ સાક્ષાત્ ગુરુ છે. એમના બધા સ્થાનો પણ પવિત્ર છે એમાં કોઈ શક નથી. (૧૫૩)

સર્વશુદ્ધઃ પવિત્રોઽસૌ સ્વભાવાદ્યત્ર તિષ્ઠતિ ।
તત્ર દેવગણાઃ સર્વે ક્ષેત્રે પીઠે વસન્તિ હિ ॥ ૧૫૪ ॥

જ્યાં સર્વ શુદ્ધ, પવિત્ર ગુરુદેવ સહજભાવે રહે છે તે સર્વ સ્થાનોમાં, પીઠોમાં સર્વ દેવગણો પણ વસે જ છે. (૧૫૪)

આસનસ્થઃ શયાનો વા ગચ્છઁસ્તિષ્ઠન્ વદન્તપિ ।
અશ્વારૂઢો ગજારૂઢઃ સુપ્તો વા જાગૃતોઽપિ વા ॥ ૧૫૫ ॥
શુચિષ્માંશ્ચ સદા જ્ઞાની ગુરુગીતાજપેન તુ ।
તસ્ય દર્શનમાત્રેણ પુનર્જન્મ ન વિદ્યતે ॥ ૧૫૬ ॥

ગુરુગીતાના જપથી જે કોઈ વ્યક્તિ પવિત્ર અને સદાજ્ઞાની છે, તે આસન ઉપર બેઠી હોય, શયન કરતી હોય, ચાલતી હોય, ઊભી હોય, બોલતી હોય, અશ્વારૂઢ હોય, ગજારૂઢ હોય, સૂતી હોય કે જાગતી હોય તો તેના દર્શનમાત્રથી પુનઃ જન્મ ટળે છે. (૧૫૫-૧૫૬)

સમુદ્રે ચ યથા તોયં ક્ષીરે ક્ષીરં ઘૃતે ઘૃતં ।
ભિન્ને કુંભે યથાકાશસ્તથાત્મા પરમાત્મનિ ॥ ૧૫૭ ॥

જેમ સમુદ્રમાં સદા જળ, દૂધમાં દૂધ, ઘીમાં ઘી, કુંભમાં જેમ આકાશ ભિન્ન ભાસે છે (છતાં અભિન્ન હોય છે) એમ જ આત્મા-પરમાત્માનું જાણવું. (૧૫૭)

તથૈવ જ્ઞાની જીવાત્મા પરમાત્મનિ લીયતે ।
ઐક્યેન રમતે જ્ઞાની યત્ર તત્ર દિવાનિશમ્ ॥ ૧૫૮ ॥

તેવી જ રીતે જ્ઞાની જીવાત્મા પરમાત્મામાં લીન હોય, અહીં-તહીં બધે જ એકરૂપ થઈ રાત-દિવસ આનંદમાં રહેતો હોય છે. (૧૫૮)

અવંવિધો મહામુક્તઃ સર્વદાવર્તતે બુધઃ ।
તસ્ય સર્વ પ્રયત્નેન ભાવભક્તિં કરોતિ યઃ ॥ ૧૫૯ ॥
સર્વસંદેહરહિતો મુક્તો ભવતિ પાર્વતી ।
ભુક્તિમુક્તિદ્વયં તસ્ય જિહ્વાગ્રે ચ સરસ્વતી ॥ ૧૬૦ ॥

મહામુક્ત જ્ઞાની સદા આ પ્રમાણે રહે છે. પોતાની સર્વ શક્તિથી તે ભાવપૂર્વક ભક્તિ કરે છે. હે પાર્વતી! તેવો જ્ઞાની મુક્તિને પામે છે. એ સર્વ સંદેહરહિત વાત છે. આમ ભુક્તિ અને મુક્તિ બંને મેળવનાર જ્ઞાનીના જીહ્વાગ્રે સરસ્વતી નિવાસ કરે છે. (૧૫૯-૧૬૦)

અનેન પ્રાણિનઃ સર્વે ગુરુગીતાજપેન તુ ।
સર્વ સિદ્ધિં પ્રાપ્નુવન્તિ ભુક્તિ મુક્તિં ન સંશયઃ ॥ ૧૬૧ ॥

ગુરુગીતાના પાઠથી બધા જ જીવો સર્વ પ્રકારની સિદ્ધિઓને પામે છે. તે ભુક્તિ અને મુક્તિને પામે તેમાં કોઈ શંકા નથી. (૧૬૧)

સત્યં સત્યં પુનઃ સત્યં ધર્મં સાંખ્યં મયોદિતં ।
ગુરુગીતાસમં નાસ્તિ સત્યં સત્યં વરાનને ॥ ૧૬૨ ॥

હે સુમુખી પાર્વતી! મેં કહેલું આ જે દર્શન છે તે ધર્મની માફક ધારણ કરવા જેવું છે. એ જ સત્ય છે, સત્ય છે, પુનઃ પુનઃ સત્ય છે. ગુરુગીતા સમું બીજું કાંઈ જ સત્ય નથી આ જ સત્ય છે. (૧૬૨)

એકો દેવ એકધર્મ એકનિષ્ઠા પરંતપઃ ।
ગુરોઃ પરતરં નાન્યન્નાસ્તિ તત્ત્વં ગુરોઃ પરમ્ ॥ ૧૬૩ ॥

એક જ દેવ, એક જ ધર્મ, એક જ નિષ્ઠા એ જ પરમ તપ છે. ગુરુથી શ્રેષ્ઠ એવું બીજું કશું જ નથી. ગુરુ જેવું બીજું કોઈ પરમ તત્ત્વ નથી. (૧૬૩)

માતા ધન્યા પિતા ધન્યો ધન્યો વંશઃ કુલં તથા ।
ધન્યા ચ વસુધા દેવિ ગુરુભક્તિઃ સુદુર્લભા ॥ ૧૬૪ ॥

ગુરુભક્તની માતા ધન્ય છે, તેના પિતા ધન્ય છે. તેના વંશ ને કુળ ધન્ય છે. અરે! આ પૃથ્વી પણ અતિ દુર્લભ એવી ગુરુભક્તિ વડે જ ધન્ય છે. (૧૬૪)

શરીરમિન્દ્રિયં પ્રાણશ્ચાર્થઃ સ્વજનબાંધવાઃ ।
માતા પિતા કુલં દેવિ ગુરુરેવ ન સંશયઃ ॥ ૧૬૫ ॥

આ શરીર, ઈન્દ્રિય, પ્રાણ, સમૃદ્ધિ, સ્નેહીઓ, સ્વજનો, માતા-પિતા, કુળ, સર્વ કાંઈ એકમાત્ર આ ગુરુ છે. એમાં હે દેવી! કોઈ શંકા નથી. (૧૬૫)

આકલ્પં જન્મના કોટ્યા જપવ્રતતપઃક્રિયાઃ ।
તત્સર્વં સફલં દેવિ ગુરુસંતોષમાત્રતઃ ॥ ૧૬૬ ॥

હે દેવી પાર્વતી! ચાર અબજ બત્રીસ કરોડ વર્ષનો બ્રહ્માનો એક દિવસ તે કલ્પ કહેવાય છે. એવા કલ્પો સુધીના (એટલે કે અબજો વર્ષ સુધીના) કરોડો જપ, વ્રત, તપ, વિધિવિધાનો એ બધું જ એકમાત્ર ગુરુને સંતોષ આપવાથી થાય છે. (૧૬૬)

વિદ્યા તપોબલેનૈવ મંદભાગ્યાશ્ચ યે નરાઃ ।
ગુરુસેવાં ન કુર્વન્તિ સત્યં સત્યં વરાનને ॥ ૧૬૭ ॥

હે સુમુખી પાર્વતી! વિદ્યા ને તપનું બળ હોવા છતાં પણ જે ગુરુસેવા નથી કરતા તેઓ અભાગી છે. આ વાત સત્ય છે, સત્ય છે. (૧૬૭)

બ્રહ્મવિષ્ણુમહેશાશ્ચ દેવર્ષિપિતૃકિન્નરાઃ ।
સિદ્ધચારણયક્ષાશ્ચ અન્યેપિ મુનયો જનાઃ ॥ ૧૬૮ ॥

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, દેવર્ષિ, પિતૃઓ, કિન્નરો, સિદ્ધો, ચારણો, યક્ષો, મુનિઓ અને એવા બીજા અનેક લોકો છે જેઓ આવા (ભાગ્યહીન) મંદભાગી છે. (૧૬૮)

ગુરુભાવઃ પરં તીર્થમન્યતીર્થં નિરર્થકમ્ ।
સર્વતીર્થાશ્રયં દેવિ પાદાઙ્ગુષ્ઠં ચ વર્તતે ॥ ૧૬૯ ॥

ગુરુભાવ તે જ પરમ તીર્થ છે. અન્ય તીર્થો તો નિરર્થક છે. હે દેવી! ગુરુના પગનો અંગૂઠો તે જ સર્વ તીર્થોનું આશ્રયસ્થાન છે. (૧૬૯)

જપેન જયમાપ્નોતિ ચાનંતફલમાપ્નુયાત્ ।
હીનકર્મ ત્યજન્સર્વં સ્થાનાનિ ચાધમાનિ ચ ॥ ૧૭૦ ॥

સર્વ હલકાં કર્મો છોડી સર્વ અધમ સ્થાનો છોડીને જપ કરવાથી વિજય મળે છે અને અંતે અનંત ફળ પ્રાપ્ત થાય છે. (૧૭૦)

ઉગ્રધ્યાનં કુક્કુટસ્થં હીનકર્મફલપ્રદં ।
ગુરુગીતાં પ્રયાણે વા સંગ્રામે રિપુસંકટે ॥ ૧૭૧ ॥
જપતે જયમાપ્નોતિ મરણે મુક્તિદાયકમ્ ।
સર્વકર્મ ચ સર્વત્ર ગુરુપુત્રસ્ય સિદ્ધ્યતિ ॥ ૧૭૨ ॥

ગુરુગીતાનો પાઠ ક્રોધમાં આવીને ન કરવો અને બધા જ હીન કર્મોનો ત્યાગ કરવો. ગુરુગીતાનો પાઠ પ્રવાસ જવાના સમયે, સંગ્રામમાં અને દુશ્મનો દ્વારા ઊભા થયેલા સંકટ સમયે કરવાથી વિજય પ્રાપ્ત થાય છે. મૃત્યુના સમયે પાઠ કરવાથી જીવને મુક્તિ મળે છે અને ગુરુના શિષ્યનું કોઈ પણ કાર્ય, કોઈ પણ સ્થળે હંમેશાં સફળ થાય છે. (૧૭૧-૧૭૨)

ઈદં રહસ્યં નો વાચ્યં તવાગ્રે કથિતં મયા ।
સુગોપ્યં ચ પ્રયત્નેન મમ ત્વં ચ પ્રિયા ત્વિતિ ॥ ૧૭૩ ॥

આ ગુરુગીતાનું રહસ્ય હે દેવી પાર્વતી! તમારી સમક્ષ કહી બતાવ્યું છે. નહીં તો આને પ્રયત્નપૂર્વક ગુપ્ત રાખવાનું હોય છે. પરંતુ તમે તો મને અત્યંત પ્રિય છો ને? માટે તમને કહ્યું. (૧૭૩)

સ્વામિ મુખ્યગણેશાદિ વિષ્ણવાદિનાં ચ પાર્વતી ।
મનસાપિ ન વક્તવ્યં સત્યં સત્યં વદામ્યહમ્ ॥ ૧૭૪ ॥

હે પાર્વતી! કાર્તિક સ્વામી, ગણેશ આદિ મુખ્ય ગણ, વિષ્ણુ આદિ દેવો સમક્ષ મનમાં પણ આ રહસ્ય ન કહેવાય. આ હું સાચેસાચ કહું છું. (૧૭૪)

અતીવપક્વચિત્તાય શ્રદ્ધાભક્તિયુતાય ચ ।
પ્રવક્તવ્યમિદં દેવિ મમાત્માऽસિ સદાપ્રિયે ॥ ૧૭૫ ॥

જે વ્યક્તિ અતિ પરિપક્વ ચિત્તવાળી હોય, શ્રદ્ધા-ભક્તિમય હોય તેને જ આ ગુરુગીતા કહી સંભળાવી શકાય. હે દેવી! તમે તો મારો બીજો આત્મા છો અને મને સદા પ્રિય છો. (૧૭૫)

અભક્તે વંચકે ધૂર્તે પાખંડે નાસ્તિકે નરે ।

મનસાપિ ન વક્તવ્યા ગુરુગીતા કદાચન ॥ ૧૭૬ ॥

ભક્તિહીનને, ઠગારાને, ધૂતારાને, પાખંડીને કે નાસ્તિકને ગુરુગીતા ક્યારેય મન અને વાણીથી સંભળાવવી નહીં. (૧૭૬)

ઈતિશ્રી સ્કંદપુરાણે ઉત્તરખંડે ઈશ્વરપાર્વતી સંવાદે ગુરુગીતા સમાપ્તા ।

શ્રીગુરુદેવદત્તાત્રેયાર્પણમસ્તુ ।

ઈતિ શ્રીસ્કંદપુરાણઅંતર્ગત ઉત્તરખંડમાં ઈશ્વરપાર્વતી સંવાદાત્મક ગુરુગીતા સમાપ્ત.

શ્રીગુરુદત્તાત્રેયાર્પણમસ્તુ ॥ શ્રીગુરુદેવ દત્ત ॥ ૐ ॥ ૐ ॥ ૐ ॥ ૐ ॥ ૐ ॥

॥ ॐ सद्गुरु ॐ ॥

Satya Prem Karuna
॥ Om Sadguru Om ॥

स्मृति मंदिर